Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com


We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




# "આત્મવિભૂતિ"

ધ્રુવ વસ્તુ છે તેમાં બેહદ જ્ઞાન છે, બેહદ દર્શન છે, બેહદ ચારિત્ર છે, બેહદ આનંદ છે, બેહદ સુખ-શાંતિ છે, બેહદ વીર્ય છે – એવી સામર્થ્યવાળી મહાન વસ્તુનું પર્યાયે યથાર્થ જ્ઞાન કદી કર્યું નથી. અનાદિની પર્યાય કેવળ પર્યાયને જ દેખ્યા કરે છે એ જ દુઃખનું કારણ છે, અનંત અનંત સામર્થ્યવાળી ધ્રુવવસ્તુનું યથાર્થ જ્ઞાન કરે, વિશ્વાસ કરે, પ્રતીતિ કરે તો એ અનાદિ દુઃખથી છુટકારો થઈને પોતાની આત્મ-વિભૂતિને પામે.





તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર

વીર સં. ૨૫૦૩, માગશર ( લવાજમઃ છ રૂપિયા ) વર્ષ ૩૪ઃ અંક ( ૩૯૮ )

# કોઈ પણ પ્રકારની વીતરાગી વાણીનું તાત્પર્યઃ સ્વસન્મુખતા

* આત્મા પરદ્રવ્યને કરી કે ભોગવી શકતો નથી એમ જાણીને પરદ્રવ્યનું કર્તા – ભોક્તાપણું છોડીને સ્વસન્મુખ થવાનું છે.
* વિકારનો કર્તા કર્મ નથી – તેમ કહીને કર્મ તરફની પરાધીન દૃષ્ટિ છોડાવવી છે.
* વિકારનો કર્તા જીવ નથી પણ કર્મ છે, કર્મ વ્યાપક થઈને વિકારને કરે છે – તેમ કહીને એક સમયના ઉપાધી ભાવથી ભેદજ્ઞાન કરાવીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરાવવી છે.
* વિકાર તે સમયની યોગ્યતાથી થવાનો હતો તે જ થયો છે – તેમ કહીને એક સમયના વિકારનું લક્ષ છોડાવી દૃષ્ટિને દ્રવ્ય તરફ દોરી છે.
* વિકાર પણ ક્રમબદ્ધમાં હતો તે થયો છે તેમાં તે ક્રમબદ્ધ પર્યાયના સ્વકાળનું સત્ પરિણમન બતાવી વિકારનું અકર્તાપણું બતાવીને જ્ઞાતા તરફ દૃષ્ટિ કરાવવી છે.
* નિર્મળ પરિણામ પણ ક્રમબદ્ધ છે – તેમ બતાવી શુદ્ધ પર્યાયના એક અંશ ઉપરથી પણ લક્ષ છોડાવી ત્રિકાળી ધ્રુવ ઉપર લક્ષ કરાવવું છે.
* પર્યાયનો કર્તા પરદ્રવ્ય નથી – તેમ કહીને પરદ્રવ્યથી દૃષ્ટિને છોડાવી સ્વદ્રવ્યમાં વાળી છે.
* પર્યાયનો કર્તા સ્વદ્રવ્ય પણ નથી, પર્યાય પર્યાયના ષટ્કારથી સ્વતંત્ર થાય છે. – એમ પર્યાયની સ્વતંત્રતા બતાવીને પર્યાય ઉપરનું લક્ષ છોડાવી દૃષ્ટિને દ્રવ્ય સન્મુખ કરાવવી છે.
* વિકાર કે નિર્મળ પર્યાયનો કર્તા ધ્રુવ દ્રવ્ય નથી પણ પર્યાય જ પર્યાયનો કર્તા છે. બંધ – મોક્ષ પરિણામને ધ્રુવ દ્રવ્ય કરતું નથી – એમ બતાવીને પર્યાયની સન્મુખતા છોડાવી ધ્રુવની સન્મુખતા કરાવવી છે.

( અનુસંધાન પાનું – ૩૦ )

વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૪
અંક ૨




વીર સં.
૨૫૦૩
: માગશર :
A.D.1976
DEC.

## – સંવર અધિકારનું અમૃતઝરણું –
## સ્વભાવ અને વિભાવનું તીક્ષ્ણ ભેદ-વિજ્ઞાન

સંવર અધિકારની પહેલી ગાથા શરૂ કરતા ખૂબ જ ઉલ્લાસ–પૂર્વક પૂજ્યશ્રીએ કહ્યું કે આ ગાથા બહુ ઊંચી છે, આ ગાથાએ ગજબ કામ કર્યું છે. આચાર્યદેવે ચૌદ પૂર્વનો સાર આ ગાથામાં ભરી દીધો છે. ભાગ્યવાન હોય તેને આ વાત સાંભળવા મળે તેવું છે. શ્રીમદ્ કુંદકુંદાચાર્યદેવ ભગવાન શ્રી સીમંધર સ્વામી પાસેથી આ વાત લાવ્યા હતા, તે વાત તેઓશ્રી અહીં ભેદવિજ્ઞાનની વિધિ બતાવતાં કહે છે.

એક વસ્તુની બીજી વસ્તુ નથી, આત્મા અને આસ્રવો બે વસ્તુ હોવાથી આસ્રવો આત્માના નથી. આત્માના અને ક્રોધાદિ આસ્રવોના પ્રદેશો ભિન્ન ભિન્ન છે તેથી તેમની સત્તા પણ ભિન્ન ભિન્ન છે, શુભાશુભ આસ્રવને અને જાણનક્રિયાને

પરમાર્થે આધારઆધેય સંબંધ પણ નથી. કેમ કે તેમને પરસ્પર અત્યંત સ્વરૂપ વિપરીતતા છે. એ રીતે જેઓ બે ભિન્ન વસ્તુ છે, જેમના પ્રદેશો ભિન્ન છે, જેમની સત્તા ભિન્ન છે, જેમને આધાર–આધેય સંબંધ નથી ને જેમને પરસ્પર અત્યં સ્વરૂપ વિપરીતતા છે એવા આસ્રવ અને આત્માનું ભેદજ્ઞાન તે એક જ મોક્ષનું કારણ છે.

[ તા. ૩–૧૨–૭૬ ના સમયસારમાં પ્રવચનમાંથી ]

સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉપાય દર્શાવતાં કુંદકુંદાચાર્યદેવ કહે છે કેઃ–

ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમા,<br>
છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.<br>
ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,<br>
કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં ૧૮૨.<br>
આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્‌ભવે છે જીવને,<br>
ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગ શુદ્ધાત્મા કરે. ૧૮૩.

વાસ્તવમાં યથાર્થ દ્રષ્ટિથી દેખો તો આત્મા જ્ઞાયક વસ્તુ છે ને દયા–દાનાદિ આસ્રવ તત્ત્વ છે. જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય આત્માના દયા – દાનાદિ આસ્ત્રવો નથી અને આસ્ત્રવોમાં જ્ઞાન – સ્વરૂપ આત્મા નથી, કેમ કે એક વસ્તુની બીજી વસ્તુ નથી.

હિંસા– ચોરી આદિના ભાવો તે પાપ અને દયા – દાન આદિના ભાવો તે પુણ્ય – તે બંને આસ્રવ તત્ત્વ છે, અને તેનાથી ભિન્ન ચૈતન્ય – ચિદ્‌બિંબ વસ્તુ આત્મા છે. પુણ્ય–પાપનો આત્મા નથી ને આત્માના પુણ્ય–પાપ નથી. આત્મા જ્ઞાયક સહજાનંદ વસ્તુ તે પુણ્ય–પાપના ભાવ સાથે સંબંધ રાખતી નથી. ભગવાન આત્મા શુદ્ધાત્મ સ્વરૂપ છે. સહજાત્મ સ્વરૂપ છે, દયા–દાન આદિના ભાવ તેના હોતા નથી અને આત્મા દયા–દાન આદિનો થતો નથી–એવી દ્રષ્ટિ કરવી તે ભેદજ્ઞાન છે, તે ધર્મનું પ્રથમ પગથિયું છે.

એક વસ્તુની બીજી વસ્તુ નથી, એક વસ્તુને બીજી વસ્તુ સાથે કાંઈ સબંધ નથી, કારણ કે બે વસ્તુ ભિન્ન છે, બે વસ્તુના ભાવ ભિન્ન છે, અને બે વસ્તુના પ્રદેશ ભિન્ન

છે. આત્માને અને દયા–દાન–હિંસા– ચોરી આદિના આસ્રવને એકબીજા સાથે કાંઈ સંબંધ નથી, કેમકે બંનેનો પરસ્પર એકબીજામાં અભાવ છે. રાગ અને આત્મા ભિન્ન – ભિન્ન છે કેમ કે નવ તત્ત્વોમાં બે તત્ત્વ છે. તે બે તત્ત્વોના પ્રદેશ ભિન્ન છે. ભગવાન આત્માના અને મલિનભાવ એવા પુણ્ય – પાપ આસ્રવના પ્રદેશો ભિન્ન છે. શરીર–મન – વાણીના પ્રદેશો તો આત્માથી ભિન્ન જ છે પણ આત્માના ને આસ્રવના પ્રદેશો ભિન્ન છે.

આત્માના ને આસ્રવના પ્રદેશો ભિન્ન ભિન્ન હોવાથી તેમની સત્તા ભિન્ન ભિન્ન છે. બંને તત્ત્વોનું હોવાપણું એકરૂપ નથી પણ ભિન્ન ભિન્ન છે, કેમ કે બંનેના પ્રદેશ ભિન્ન ભિન્ન છે. દયા–દાન–યાત્રાનો ભાવ આસ્રવ છે, બંધનું કારણ છે, તેના પ્રદેશ અને આત્માના પ્રદેશ ભિન્ન ભિન્ન હોવાથી બંનેની ભિન્ન ભિન્ન સત્તા હોવાને લીધે આત્માને ને આસ્રવને આધાર–આધેય સંબંધ નથી.

દયા – દાન આદિના ભાવ તે દુઃખરૂપ છે ને આત્માના ભાવ આનંદરૂપ છે. બંનેના પ્રદેશ ભિન્ન ભિન્ન હોવાથી બંનેની સત્તા ભિન્ન ભિન્ન છે. એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહીં હોવાથી તેઓને પરસ્પર આધાર – આધેય સંબંધ નથી. તેથી રાગને તે આત્માને આધાર આધેય સંબંધ નથી.

વ્રત–તપાદિઆસ્ત્રવના ભાવમાં આત્મા નથી ને આત્મામાં વ્રત–તપાદિના ભાવ નથી. વ્યવહારરત્નત્રયથી આત્મા જાણવામાં આવે કે વ્યવહારરત્નત્રયમાં આત્મા આવી જાય તેમ છે જ નહીં. આત્માને ને વ્યવહારરત્નત્રયને આધાર આધેય સંબંધ નથી. દુનિયા માને કે ન માને પણ વસ્તુસ્થિતિ આ છે.

ભગવાન આત્માને અને રાગને પરસ્પર આધારઆધેય સંબંધ નથી. દયા–દાન –વ્રત–તપ–યાત્રા–ભક્તિના ભાવને અને આત્માને પરસ્પર આધારઆધેય સંબંધ નથી. તેથી રાગના આધારે આત્મા જણાય કે આત્માના આધારે રાગ ઉત્પન્ન થાય એમ બનતું નથી. આવો માર્ગ છે પણ કદી સાંભળ્યું નથી ને જીવન એમ ચાલ્યું જાય તે તિર્યંચ આદિમાં ચાલ્યો જાય છે.

દયા–દાન આદિના શુભરાગમાં અને ભગવાન આત્મા જ્ઞાયકરૂપ છે તેમાં આધાર–આધેય સંબંધ નથી તેથી વ્યવહારત્નત્રયથી નિશ્ચરત્નત્રય થાય કે વ્યવહારરત્નત્રયના આધારે નિશ્ચયરત્નત્રય થાય તેમ નથી.

રાગ આધાર ને આત્મા આધેય કે આત્મા આધાર ને રાગ આધેય એમ પરસ્પર આધાર–આધેય સંબંધ નથી. આવી વસ્તુસ્થિતિ સમજ્યાં વિના–ભેદજ્ઞાન વિના એકલા મુનિવ્રતાદિ અનંતવાર પાળ્યા પણ સંસારચક્રનો અંત ન આવ્યો.

હવે આધારઆધેય સંબંધ શેમાં છે? તે કહે છે. દરેક વસ્તુને પોતાના સ્વરૂપમાં દ્રઢપણે રહેવારૂપ આધારઆધેય સંબંધ છે. આત્માને જાણન સ્વરૂપમાં જ આધારઆધેય સંબંધ છે. જાણનક્રિયા આધાર ને આત્મા આધેય છે. આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં પ્રતિષ્ઠા પામે છે અને રાગ રાગમાં પ્રતિષ્ઠા પામે છે. આત્મા પોતાના જાણનસ્વરૂપમાં રહે છે ને રાગ રાગમાં રહે છે. આત્મા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જાણનપરિણતિમાં પ્રતિષ્ઠિત છે ને રાગ રાગસ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે.

સ્વના લક્ષે અતીન્દ્રિય આનંદની પરિણતિ થઈ તે આધાર છે ને આત્મા આધેય છે. રાગથી ભિન્ન થઈને પોતાના સ્વરૂપની – આનંદની પરિણતિ થઈ, જાણન પરિણતિ થઈ તે જાણનક્રિયા આધાર છે ને આત્મા આધેય છે. નિર્મળ વીતરાગી પરિણતિ થઈ તેમાં આત્મા જણાયો માટે તે જાણનક્રિયા આધાર ને આત્મા આધેય છે. જાણનક્રિયા અને આત્માનું અભિન્નપણું છે.

જ્ઞાન એટલે કે આત્મા જાણનક્રિયારૂપ, શ્રદ્ધાની ક્રિયારૂપ કે જે પોતાનું સ્વરૂપ છે તેમાં પ્રતિષ્ઠિત છે, તેમાં રહેલો છે. પ્રભુ! તારું રહેવું તારી જાણનક્રિયામાં, છે, ઘર–કુટુંબ કે શરીરમાં તું રહેલો નથી. અનાદિથી રાગાદિમાં રહેલો છે તે આત્મા નથી, તે આત્માનું સ્વરૂપ નથી. રાગાદિમાં રહેલો અણાત્મા છે, રાગ તે જડ છે, જડમાં રહેલો જડ છે આત્મા નથી.

આત્માનું સ્વરૂપ તો શ્રદ્ધા–જ્ઞાનમાં રમણતા તે છે, જાણનક્રિયારૂપ છે. આત્માનું તેમાં રહેવું છે તેથી આત્મા તેમાં જણાય છે. માટે આત્મા આધેય છે અને જાણનક્રિયા આધાર છે. જાણનક્રિયામાં ષટ્કારકોનું પરિણમન છે. શ્રદ્ધાની, શાંતિની આદિ બધી પરિણતિ ષટ્કારકથી પરિણમી રહી છે.

સ્વરૂપની અરુચિ તે ક્રોધ છે. સ્વરૂપ ચૈતન્યમૂર્તિ તેની અરુચિ તે ક્રોધ છે, રાગ પ્રત્યેની રુચિ તે આત્મા પ્રત્યે દ્વેષ છે, ક્રોધ છે. જાણનક્રિયા તે જ્ઞાન છે, તેમાં આત્મા પ્રતિષ્ઠિત છે, એટલે કે તેમાં આત્મા જણાય છે. આવા આત્માની જેને રુચિ નથી–અરુચિ છે અને જેને રાગની રુચિ છે તે ક્રોધ છે, રાગના પ્રેમના વ્યભિચારમાં ફસાઈ જવું તે ક્રોધ છે. સ્વરૂપના પ્રેમની રુચિ છોડી દઈને રાગનો પ્રેમ છે તે ક્રોધ છે. તે ક્રોધાદિ, ક્રોધાદિની પરિણતિના આધારે છે. વિકારનું પરિણમન વિકારના પરિણમનના ષટકારમાં છે, વિકારનું પરિણમન વિકારના આધારે છે, પણ આત્માના આધારે નથી.

કમાવાના ભાવમાં આત્મા નથી, ઘરમાં આત્મા નથી, દયા–દાન આદિમાં આત્મા નથી, શુભરાગમાં આત્મા નથી, તો આત્મા ક્યાં છે? –કે આનંદના ને જ્ઞાનના પરિણમનમાં

આત્મા પ્રતિષ્ઠિત છે. આનંદનું ને જ્ઞાનનું પરિણમન થાય ત્યારે આત્મા તેમાં જણાય છે. જ્ઞાનનું, આનંદનું, શ્રદ્ધાનું, શાંતિનું, વીતરાગતાનું પરિણમન થાય તે આત્માનું પરિણમન છે, આત્મા તેમાં રહેલો છે.

દયા–દાન આદિનો વિકલ્પ ઊઠે છે તેનાથી આત્મા ભિન્ન છે, તેનાથી ભિન્ન જાણનક્રિયાનું પરિણમન થાય તેમાં આત્મા જણાય છે માટે જાણનક્રિયા તે આધાર ને આત્મા તે આધેય છે. જાણનક્રિયાથી આત્મા જણાય છે માટે જાણનક્રિયાના આધારે આત્મા છે તેમ કહ્યું છે, તેમાં જણાય છે તેથી તેને આધાર કહ્યો છે, પરંતુ જાણનક્રિયાના આધારે આત્મા રહેલો નથી, પરંતુ જાણનક્રિયાના આધારે આત્મા જણાયો છે.

ભગવાન આત્મા આનંદની મૂર્તિ પ્રભુ છે. તેના ધ્યેયે જે જાણવું દેખવું થાય તે આત્માનું પરિણમન છે. તેથી જાણનક્રિયા અને આત્મા અભિન્ન છે. ક્રોધ, માન, માયા, લોભ આદિ પરિણમન ક્રોધાદિના પરિણમનમાં પ્રતિષ્ઠિત છે. તેથી ક્રોધાદિનું ક્રોધાદિમાં અભિન્નપણું છે.

જેમ ચૈતન્યનું પરિણમન ચૈતન્યથી અભિન્ન છે તેમ વિકારનું પરિણમન વિકારથી અભિન્ન છે. વિકારનું લક્ષ પર છે, પણ વિકારનું અભિન્નપણું વિકારથી છે. તેથી વિકાર વિકારથી થાય છે, પર નિમિત્તથી થતો નથી. વિકારનું પરિણમન વિકારથી અભિન્ન હોવાથી વિકાર આત્મામાં નથી ને વિકારના પરિણમનમાં આત્મા નથી.

વિકારનું પરિણમન તે વિકારનું સ્વરૂપ છે. શુભરાગ થાય ત્યાં રાજી રાજી થઈ જાય, પણ રાગનું પરિણમન રાગના આધારે છે, તારા આધારે નથી. રાગના પરિણમનથી તું જણાય તેવો નથી. વ્યવહારથી તું જણાય તેવો નથી. અતીન્દ્રિય આનંદના રસસ્વરૂપ અતીન્દ્રિય આનંદની પરિણતિ દ્વારા જણાય તેવો તું છો, એવું જ તારું સ્વરૂપ છે. જાણવું, દેખવું આદિનું પરિણમન તે તારું સ્વરૂપ છે. વિકારનું પરિણમન તે તારું સ્વરૂપ નથી. આત્મા શુદ્ધ છે, તેનું પરિણમન શુદ્ધ છે. તે શુદ્ધ પરિણમનમાં આત્મા જણાય છે માટે શુદ્ધ પરિણમન આધાર ને આત્મા આધેય છે. શુદ્ધ પરિણમન ને આત્મા અભિન્ન હોવાથી આત્મા જ આધાર ઠર્યો.

વળી ક્રોધાદિમાં આત્મા નથી તેમ કર્મ કે નોકર્મમાં આત્મા નથી, તેથી આત્મા કર્મમાં નથી ને આત્માનું પરિણમન કર્મમાં નથી, માટે કર્મ માર્ગ કરી આપે તો આત્મા જણાય તેમ છે જ નહીં. આત્મા ક્રોધાદિ વિકારમાં, કર્મમાં કે નોકર્મમાં નથી તેમ આત્મામાં ક્રોધાદિ વિકાર, કર્મ કે નોકર્મ નથી. આત્મામાં વિકારી પરિણામ નથી કેમ કે તેઓને

પરસ્પર અત્યંત સ્વરૂપ વિપરીતતા છે. પુણ્ય–પાપના પરિણામને અને આત્માને અત્યંત સ્વરૂપ વિપરીતતાં છે.

દયા–દાન–વ્રત – તપના ભાવનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ બંને પરસ્પર અત્યંત વિપરીત છે. વ્યવહારના વિકલ્પને અને આત્માને અત્યંત સ્વરૂપ વિપરીતતા હોવાથી વ્યવહારથી આત્મા કેમ જણાય? – ન જ જણાય. શુભરાગને અને આત્માને પરસ્પર અત્યંત સ્વરૂપ વિપરીતતા હોવાથી રાગની મંદતા કરતાં કરતાં નિશ્ચય થાય તે કેમ બને? – ન જ બને.

વિકારભાવને અને આત્માને અત્યંત સ્વરૂપ વિપરીતતા છે. વિકારભાવને અને આત્માના જ્ઞાન, આનંદરૂપી સ્વરૂપને પરસ્પર અત્યંત સ્વરૂપ વિપરીતતા છે. રાગથી સ્વભાવ વિપરીત ને સ્વભાવથી રાગ વિપરીત છે તેથી ખરેખર તેમને આધારઆધેય સંબંધ નથી.

વીતરાગ સ્વરૂપી આત્મા છે અને દયા–દાન–વ્રત–તપાદિ રાગ સ્વરૂપ છે, તેમને પરમાર્થ ભૂત આધારઆધેય સબંધ નથી. એટલે કે રાગથી વીતરાગતા થાય તેમ નથી. પરમાર્થભૂત એટલે કે નિશ્ચયનયથી તેમને આધારઆધેય સંબંધ નથી.

પરમાર્થભૂત સંબંધ નથી એટલે વ્યવહારથી તો સંબંધ છે ને! – કે વ્યવહારથી સંબંધ કહ્યો હોય ત્યાં નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું હોય છે. પરંતુ પરમાર્થભૂત સંબંધ તો છે જ નહીં, તેથી રાગના આધારે વીતરાગતા થતી જ નથી, વ્યવહારરત્નત્રયથી નિશ્ચય રત્નત્રય થાય જ નહિ.

પ્રવચનસારમાં 'પ્રચંડ કર્મકાંડ વડે જ્ઞાનકાંડ પ્રગટે છે' – એમ કહ્યું છે, તે વ્યવહારથી નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે, તે નિમિત્તથી વ્યાખ્યા છે. જેમ લાકડી આંગળી પર લટકે છે. ત્યાં નિમિત્તની વ્યાખ્યા એ છે કે આંગળીના આધારે લાકડી રહી છે. પણ તેનો અર્થ શું? – કે લાકડી પોતાના આધારે રહી છે ત્યારે નિમિત્ત તરીકે આંગળી છે એમ નિમિત્તનું જ્ઞાન કરાવવું છે, તેમ વ્યવહારરત્નત્રયનો રાગ છે તે સ્વભાવથી વિપરીત છે, તેનાથી નિશ્ચય રત્નત્રય થાય તેમ ત્રણકાળમાં નથી, છતાં વ્યવહારથી કહ્યું હોય ત્યાં નિશ્ચયરત્નત્રય સાથે અનુકૂળ નિમિત્તનું જ્ઞાન કરાવવાની અપેક્ષાથી તેમ કહ્યું હોય છે, પણ નિમિત્તથી થાય છે તેમ કહેવાનું પ્રયોજન નથી. નિશ્ચયરત્નત્રયની પર્યાય પોતાના ષટ્કારકથી પરિણમે છે, દ્રવ્યથી પરિણમે છે તેમ કહેવું તે પણ સદ્ભૂત વ્યવહાર છે, તો પછી વ્યવહારથી નિશ્ચય થાય તે વાત ક્યાં રહી? નિર્મળ પરિણતિ દ્રવ્યથી થઈ તેમ કહેવું તે ઉપચાર છે, કેવળજ્ઞાન દ્રવ્યથી થયું તેમ કહેવું તે વ્યવહાર છે, શક્તિવડે વ્યક્તિ થઈ તેમ કહેવું તે વ્યવહાર છે. વ્યક્તિ વડે વ્યક્તિ થઈ તેમ કહેવું તે તેનું વાસ્તવિક સ્વરૂપ છે.

જેમ આત્માનું સ્વરૂપ જાણનક્રિયા છે, જેમ જાણવું, દેખવું, શ્રદ્ધવું, ઠરવું એવી જે ક્રિયા છે તે આત્માનું સ્વરૂપ છે, તે વિકારનું સ્વરૂપ નથી. આત્મા જ્ઞાયકસ્વભાવ છે, તેનું સ્વરૂપ જાણનક્રિયા છે, નિર્મળ પરિણતિ તે આત્માનું સ્વરૂપ છે. વસ્તુમાં જે હતું તેવું જ પરિણમન થયું છે માટે તે આત્માનું જ સ્વરૂપ છે. પણ તે સ્વરૂપથી વિરુધ્ધ રાગની રુચિરૂપ જે ક્રોધાદિ તે આત્માનું સ્વરૂપ નથી.

વળી જે ક્રોધ–માન કે વ્યવહારરત્નત્રય આદિનું સ્વરૂપ ક્રોધાદિરૂપ પરિણમન છે, પણ તેનું સ્વરૂપ જાણનરૂપ પણ છે તેમ નથી. તથા જ્ઞાનનું – આત્માનું સ્વરૂપ જાણનરૂપ છે અને ક્રોધપણ છે તેમ નથી. ચૈતન્યના પડખે – લક્ષે જે જ્ઞાનનું પરિણમન થાય તે આત્માનું સ્વરૂપ છે અને ચૈતન્યથી પડખું – લક્ષ ફેરવીને જે ક્રોધનું પરિણમન થાય તે ક્રોધાદિનું જ સ્વરૂપ છે, ક્રોધાદિ તે આત્માનું સ્વરૂપ નથી. એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહીં. જાણનરૂપ પરિણમન તે આત્માનું સ્વરૂપ છે અને તે વખતે રાગની રુચિરૂપ પરિણમન તે આત્માનું સ્વરૂપ છે તેમ બને જ નહીં. એક જ સમયમાં જાણનરૂપ પરિણમન ને રાગરૂપ પરિણમન હોય, પણ જાણનરૂપ પરિણમન ને રાગની રુચિરૂપ પરિણમન એમ બે વિરોધભાવ ન હોય. આત્માની રુચિરૂપ પરિણમન તે અમૃતરૂપ છે ને તે જ વખતે રાગની રુચિરૂપ પરિણમન તે ઝેરરૂપ છે – તે બંને સાથે ન જ હોય, કેમ કે તેમને પરસ્પર અત્યંત વિપરીતતા માટે જાણનક્રિયા ને ક્રોધાદિક્રિયા ભિન્ન – ભિન્ન સ્વભાવે પ્રકાશતી હોવાથી તેમના સ્વરૂપ ભિન્ન છે તેથી તે બે વસ્તુઓ ભિન્ન જ છે. એ રીતે તે બે વસ્તુઓને એટલે કે જ્ઞાનને અને ક્રોધાદિને આધાર– આધેયપણું નથી.

જેમ આકાશના આધાર વિશે વિચારતાં આકાશને અન્ય દ્રવ્યોમાં સ્થાપવાનું અશક્ય હોવાથી, ભિન્ન આધારની અપેક્ષા ઉદ્‌ભવતી નહિ હોવાથી આકાશ આકાશમાં જ પ્રતિષ્ઠિત છે, એવું સમજમાં આવતાં આકાશનું પરમાં આધાર–આધેયપણું હોવાનું ભાસતું નથી. તેમ જ્ઞાન જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે એમ બરાબર સમજવામાં આવતાં જ્ઞાનનું પરમાં આધાર આધેયપણું ભાસતું ન હોવાથી જ્ઞાન જ્ઞાનમાં જ છે ને ક્રોધાદિ ક્રોધાદિમાં છે એમ ભેદ ભાસવો તે ભેદવિજ્ઞાન છે.

એ જ વાતને વિશેષ દ્રઢ કરતાં આચાર્યદેવ કહે છે કે ચિદ્રૂપતા ધરતો આત્મા, આનંદના પરિણામને ધરતો આત્મા, જ્ઞાનના પરિણામને ધરતો આત્મા એટલે કે જ્ઞાન સ્વરૂપે પરિણમતું જ્ઞાન અને દયા–દાન આદિ જડરૂપતા ધરતો રાગ – તે બંને વચ્ચે અંતરમાં ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે ચારે તરફથી બંનેને ભિન્ન પાડવા તે ભેદજ્ઞાન છે.

સ્વલક્ષે ઉત્પન્ન થયેલો ઉપયોગ અને પરલક્ષે ઉત્પન્ન થયેલો રાગ – તે બંને વચ્ચે

અંતરમાં ઊંડા અભ્યાસ વડે કોઈ પણ પડખે એકતા ન રહી જાય તેમ સમસ્ત પ્રકારે બંનેને જુદા કરીને આ પ્રત્યક્ષ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે એવા હે સત્પુરુષો ! તમે મુદિત થાઓ. ભેદવિજ્ઞાન વડે એ શુદ્ધ વિજ્ઞાનઘનના પૂંજમાં સ્થિત અને રાગથી રહિત એવા હે સત્પુરુષો ! તમે આનંદને આસ્વાદો, આનંદિત થાઓ.

જ્યારે આત્મા અને રાગના ભેદનો અનુભવ થાય છે અર્થાત્ જ્યારે આવું ભેદજ્ઞાન થાય છે ત્યારે આત્મા આનંદિત થાય છે, કેમ કે ભેદજ્ઞાન થતાં જણાય છે કે પોતે અનાદિથી જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે, કદીયે રાગરૂપ થયો જ નથી. અજ્ઞાનથી રાગરૂપ માન્યો હતો પણ જ્ઞાયકભાવ સદાય જ્ઞાયકપણે જ રહ્યો છે. માટે હે ભેદજ્ઞાનીઓ ! હવે તમે આનંદિત થાઓ, આનંદને અનુભવો.

---

## આત્માની દયા કર

કુંદકુંદ આચાર્યદેવ અષ્ટપાહુડ ગ્રંથમાં કહે છે કે, હે જીવ ! તેં ભૂતકાળમાં એટલી માતાઓને તારા મૃત્યુ પાછળ રડાવી છે કે તારી એક એક ભવની એ માતાઓના આંસુઓને ભેગા કરતાં સમુદ્રો ભરાય. આવા અનંત ભૂતકાળ કરતાં પણ તારો ભવિષ્યકાળ અનંતગુણો મોટો છે, જો તારા આત્માની સંભાળ ન કરી અને દેહ, ધન, પરિવારમાં જ આ અમૂલ્ય મનુષ્ય ભવને વેડફી નાખીશ તો તારો ભવિષ્યકાળ પણ ભૂતકાળની માફક અનંત દુઃખમાં જ વ્યતીત થશે. કાળની આ અનંતતાનો ગંભીરતાથી વિચાર કરીને, ભૂતકાળના દુઃખોને યાદ કરીને, ભવિષ્યમાં તેવા દુઃખો ન ભોગવવા પડે તે માટે હવે તો જાગૃત થા ! એકવાર તો તારા આત્માની દયા કર.

## સંતોની વાણીમાં સ્વતંત્રતાનો ઢંઢેરો

**એક ન્યાય સમજતાં જ્ઞાન–કબાટ ખૂલી જાય તેવી આ વાત છે. જેમ ક્રમબદ્ધની વાત બહુ સૂક્ષ્મ ને ગંભીર છે તેમ પ્રત્યેક દ્રવ્યની સ્વતંત્રતાની ને ભિન્નતાની આ વાત બહુ ગંભીર છે. જો આ એક ન્યાય અંતરથી બેસી જાય તો કેવળ જ્ઞાનને ઉત્પન્ન કરનારી જળહળ ભેદજ્ઞાનજ્યોતિ પ્રગટ થાય તેવી આ વાત છે.**

[ તા. ૨૪–૧૧–૭૬ ના સમયસાર ત્રીજી ગાથાના પ્રાતઃ ચિંતવન ઉપર પૂજ્ય ગુરુદેવનું પ્રવચન ]

એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. આંગળી પુસ્તકના પાનાને અડતી નથી, આંગળી કોઈને અડી નથી, પોતે પોતામાં છે. પ્રત્યેક પદાર્થ પોતાના ગુણ – પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે. આત્મા કર્મના ઉદયને અડયો નથી. કર્મનો ઉદય તેના ક્રમમાં આવેલો છે ને રાગ પોતાના કાળે ક્રમમાં આવેલો છે, તે કર્મને સ્પર્શતો નથી.

અહીં તો કહે છે કે ટોપી માથાને અડતી જ નથી. ગજબ વાત છે! માણસ માથા પર હાથ ઘસે છે તે હાથ માથાને અડતો નથી. તો દેખે છે તે શું ખોટું દેખે છે? – દેખે છે તે સંયોગથી દેખે છે તેના સ્વભાવથી દેખતો નથી. પ્રત્યેક પદાર્થ પોતાનામાં અંતર્મગ્ન પોતાના ગુણ –પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે – એમ શ્રી સમયસારની ત્રીજી ગાથામાં કહ્યું છે.

રોટલો – રોટલી જીભને અડતા નથી, સ્વાદનું જ્ઞાન જીવને થાય છે તે પોતાને લઈને થાય છે. કેમ કે સ્વપર પ્રકાશક જ્ઞાનસ્વભાવ હોવાથી સ્વાદને જાણે છે પણ સ્વાદને લઈને સ્વાદનું જ્ઞાન થાય છે તેમ નથી.

ચશ્મા છે તે આંખને અડતા નથી, કાનના આધારે કે નાકના આધારે ચશ્મા રહ્યાં નથી. રોટલીનો ભૂકો થાય છે તે દાંતને અડયો નથી. દરેક દ્રવ્યની પર્યાય તેના કાળે થઈ છે, તેને નિમિત્ત શું કરે? નિમિત્ત ભલે હો! પણ નિમિત્ત પર પર્યાયને સ્પર્શતું નથી, તેમ જ પર પર્યાયને કરતું નથી.

એક શરીર બીજા શરીરને સ્પર્શતું નથી. જ્ઞાન ઇન્દ્રિયોને અડતું નથી ને ઇન્દ્રિયનો પરને અડતી નથી. ભોગકાળે એક શરીર બીજા શરીરને અડતું જ નથી, એક શરીરનો સ્પર્શ બીજા શરીરને થયો જ નથી.

પાણી ઊનું થાય ત્યારે અગ્નિ તેને અડી જ નથી. અગ્નિની પર્યાય અગ્નિને સ્પર્શે છે અને ઊના પાણીની પર્યાય પાણીને પોતાને સ્પર્શે છે. પણ પાણી અગ્નિને સ્પર્શતુ જ નથી.

કર્મને લઈને વિકાર થાય તેમ કહે છે ને? – પણ જડ કર્મનો ઉદય જીવને અડતો જ નથી. વળી આંધળા દ્રવ્યને–જડ કર્મને ખબર નથી કે અમે છીએ કે નહીં? –તો તે જીવને વિકાર કેમ કરાવે? જ્ઞાન જાણે છે કે કર્મ છે તેને હું અડતો નથી કે તે મને અડતા નથી. પોતાના ચારિત્રગુણનો તે પ્રકારની વિકૃતિનો કાળ છે તે પ્રમાણે વિકાર થાય છે. શુભભાવ થાય છે તે દેવ–શાસ્ત્ર–ગુરુથી થતાં નથી, તેઓ નિમિત્ત છે. શુભભાવ છે તે જીવની પર્યાયમાં છે. દેવ–શાસ્ત્ર–ગુરુને જીવની પર્યાય સ્પર્શતી નથી.

ગરમ પાણી ચામડી પર છાંટે તો ફોલ્લો થાય. અહીં કહે છે કે તે વાત જ ખોટી છે. પાણી શરીરને અડયું જ નથી. ફોલ્લો શરીરના કારણે થયો છે, પાણીના કારણે થયો જ નથી. કોઈની થપાટ બીજા કોઈને અડતી જ નથી. આ તો બહુ ગંભીર વાત છે. એક પરમાણુ બીજા પરમાણુને અડતા જ નથી. આમ જાણતા પરથી મારામાં થાય છે ને હું પરનો કર્તા છું એવી કર્તાબુદ્ધિ છૂટી જાય છે, ને સમ્યગ્દર્શન થાય છે.

શરીર ઠંડુ હોય ત્યાં હાથ ઘસે એટલે ગરમ થાય, અહીં કહે છે કે હાથ શરીરના તે ભાગને સ્પર્શતો જ નથી. તેથી હાથ ઘસવાથી શરીર ગરમ થાય તે વાત ખોટી છે. હાથના કારણે શરીર ગરમ થયું જ નથી.

સ્વકાળે થાય, પરને અડયા વિના થાય, નિમિત્ત – ઉપાદાન એક સાથે હોય, છતાં નિમિત્ત ઉપાદાનને સ્પર્શે નહીં ને ઉપાદાન નિમિત્તને સ્પર્શે નહીં. ઉપાદાનના કારણે ઉપાદાનમાં કાર્ય થાય એવી વસ્તુસ્થિતિ છે. જૈનદર્શનનું કહેલું તત્ત્વ એટલે વસ્તુનું સ્વરૂપ છે.

પાણી નીચે અગ્નિ છે માટે ફદિયા પડે એટલું ગરમ થાય છે? કહે છે કે અગ્નિના લઈને એમ થયું જ નથી. તને એમ કેમ લાગે છે ભાઈ! પાણીના ને અગ્નિના પરમાણુઓ એકબીજાને અડતા જ નથી, સ્પર્શતા જ નથી તો એકના લઈને બીજાનું કાર્ય થતું તને કેમ ભાસે છે?

અક્ષર લખાય છે તે શીશપેનથી લખાતા નથી, પોતે પોતાથી જ લખાય છે. શીશપેન કાગળને સ્પર્શતી જ નથી. પ્રત્યેક પદાર્થ પોતે પોતાથી ટકી રહ્યા છે. કેવા છે તે

સર્વ પદાર્થો ? – કેવા છે તે અનંત આત્માઓ ને અનંત પરમાણુઓ ? – કે એક આત્મા બીજા આત્માને અડતો નથી, એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. એક અંગુળના અસંખ્યમાં ભાગમાં અનંતા જીવ છે અને એક જીવને બે – બે શરીર – કાર્મણ ને તેજસ, એક–એક શરીરમાં અનંતા પરમાણુઓ, તેઓ એકબીજાને અડયા નથી. તેઓ પોતાપોતાના ગુણ–પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે.

આંગળી શરીરમાં અડાડતા ખાડો પડયો, અહીં કહે છે કે આંગળીના પરમાણુઓ શરીરને અડયા જ નથી. અનંતા પરમાણુઓ પોતાના ગુણ– પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે તોપણ તેઓ એકબીજાને ચુંબતા નથી, સ્પર્શતા નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે, એ રીતે લક્ષમાં ન લે ને અદ્ધરથી માને તો તે વિપરીતદ્રષ્ટિ છે.

દરેક આત્મા દરેક રજકણ પોતાનામાં અંતર્મગ્ન ગુણ – પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે. બાળકને ચુંબન કરે છે તો કહે છે કે બાળકના મોઢાને માતા–પિતાના હોઠ અડયા જ નથી, ચુંબન – સ્પર્શ થયો જ નથી. તો પાપ નથી ને ? – પાપ છે, પણ તે શરીરની ક્રિયાથી નથી પણ પોતાના રાગ ભાવથી છે.

બાપુ, આમા ઘણી ધીરજ જોવે. પરથી ભિન્ન પાડીને પરને અડતો નથી એવી વસ્તુ સ્થિતિ જાણ્યા વિના આ વાત બેસે નહીં. દરેક દ્રવ્યો પોતાના ગુણ – પર્યાયને સ્પર્શે છે તોપણ ભિન્ન દ્રવ્યો પરસ્પર એકબીજાને અડતા જ નથી. એકક્ષેત્રાવગાહે સાથે હોવા છતાં બે દ્રવ્યો એકબીજાને સ્પર્શતા નથી માટે પોતાના સ્વરૂપથી પડતા નથી.

દિવાસળી ઘસીને કેરોસીનના દીવાની વાટને અડાડે છે ત્યારે વાટ સળગે છે ને ? – કે ના, દિવાસળી વાટને અડી જ નથી, તો પછી દિવાસળી કરી શું કામે ? ભાઈ, દિવાસળી કોણે કરી ? કોણ વાટ આગળ દિવાસળી લાવે ? બાપુ, પદાર્થ પોતાની મર્યાદાની જે ભૂમિકામાં છે તેને છોડીને તે બીજા પદાર્થની ભૂમિકામાં જતો નથી. તેની મર્યાદા જ એવી છે. અહો ! આ વાત માનવા જાય ત્યાં રાગથી ભિન્ન પડી જાય.

ખરેખર તો રાગ પણ ચૈતન્યને સ્પર્શ્યો નથી. પરદ્રવ્ય તો ચૈતન્યને સ્પર્શ્યુ નથી પણ રાગનો ભાવ તે પણ શુદ્ધસ્વભાવને સ્પર્શ્યો નથી. રાગનો ભાવ તે સંયોગીભાવ છે, તે શુદ્ધભાવને સ્પર્શતો જ નથી. આવો માર્ગ ને આવી વસ્તુસ્થિતિ છે. આ સાંભળવા જ કોઈકને મળે. પરની દયા પાળે તો ધર્મ થાશે એમ માને – પણ અરે ! તું પરને અડતો જ નથી તો પરની દયા શી રીતે પાળે ? ભાવ થાય, પણ પર તરફના વલણવાળો ભાવ છે તે રાગ છે, રાગને તો હિંસા કહી છે. અરાગ તે અહિંસા છે. હિંસા–અહિંસા

પોતાની પર્યાયમાં થાય છે, પરની હિંસા – અહિંસા કોણ કરે? પરને અડતો જ નથી ત્યાં દયા પાળે કોણ ને પરને મારે કોણ? જીવ તો માત્ર ભાવ જ કરે છે.

વિભાવભાવ કે સ્વભાવભાવથી પોતે પોતાને ટકાવી રાખે છે, એ રીતે આખું વિશ્વ ટકી રહ્યું છે. પરના લઈને બીજો પદાર્થ ટકી રહ્યો નથી. વિભાવ પરિણામ પોતામાં પોતાથી છે, પરને લઈને નથી. એ પર્યાયની વાત થઈ. હવે જ્યારે દ્રવ્યની વાત જોઈએ તો દ્રવ્ય વિકારી પર્યાયને અડયું જ નથી. અરે! દ્રવ્ય છે તે નિર્મળ પર્યાયને પણ અડતું નથી. પોતાની નિર્મળ પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી, કેમ કે પર્યાયના અસ્તિત્વમાં દ્રવ્યનું અસ્તિત્વ આવતું નથી. દ્રવ્યના અસ્તિત્વનું જ્ઞાન પર્યાયમાં આવે છે પણ વસ્તુ પર્યાયમાં ન આવે. દ્રવ્યનું જેવું સામર્થ્ય છે તેવું જ્ઞાન પર્યાયમાં આવે પણ દ્રવ્ય પર્યાયમાં ન આવે.

એ રીતે દરેક દ્રવ્યનો પથારો પોતાના ગુણ–પર્યાયોમાં છે, વિસ્તાર પામે તોપણ તેમાં પામે છે, પરમાં વિસ્તાર પામે છે તેમ નથી. આવી વસ્તુસ્થિતિ છે. એનું તાત્પર્ય શું? – કે પરને અડતો નથી એનું તાત્પર્ય એ કે સ્વ તરફ ઢળવું. પરને કરતો નથી એનો અર્થ એ કે જ્ઞાતા તરફ ઢળવું. પદાર્થની સ્વતંત્રતા જાણવાનું આ તાત્પર્ય છે.

## “ચેત! ..... ચેત! .... નર ચેત!”

બે–ચાર કલાક શાસ્ત્રનું વાંચન જોઈએ, એનું શ્રવણ જોઈએ, ચિંતવન જોઈએ. સત્ સમાગમમાં બે – ચાર કલાક ગાળવા જોઈએ, એ જેને નથી ને વેપાર ધંધાના લોહવાટમાં આખો દિવસ જાય છે એને તો એકલું પાપ છે. એથી તો કહ્યું હતું કે જેઓ પૈસાવાળા છે તેને પૈસાથી મદ થાય છે, મદથી મતિ ભ્રષ્ટ થાય છે, મતિ ભ્રષ્ટથી પાપ કરીને તિર્યંચમાં જાય છે. માંસ દારૂ ખાનારા તો નરકમાં જાય છે પણ જૈનને તો તે હોય નહિ અને વેપાર આદિના લોહવાટના પાપભાવ આડે પુણ્યભાવના પણ જેને ઠેકાણાં નથી એ બધાં ઢોરમાં જવાના છે. પા–અડધો કલાક પૂજાદિ કરીને આખો દિવસ પાપના કાર્યોમાં રોકાય એમાં દિ’ શું વળે? હંમેશાં બે વખત જમવાનું ને બે વખત ચા જોઈએ તેમ હંમેશાં ચાર કલાક વાંચન આદિ કરવું જોઈએ. વાંચન–શ્રવણ–મનન આદિથી આત્માર્થને પોષણ આપવું જોઈએ.

(હાલમાં ઉપરની વાત પૂ. ગુરુદેવશ્રી વારંવાર ફરમાવી રહ્યાં છે.)

## જ્ઞા...... ન...... ગો..... ષ્ઠી

પ્રશ્નઃ – દરેક દ્રવ્યનું પરિણમન સ્વતંત્ર અને નિરપેક્ષ છે છતાં જ્યારે જીવને રાગ થાય ત્યારે જ પરમાણુ કર્મરૂપે કેમ પરિણમે છે?

ઉત્તરઃ – જીવને રાગ થયો તેથી પરમાણુ કર્મરૂપે પરિણમ્યા નથી પણ પરમાણુનું કર્મરૂપે પરિણમન થવાનો તે જ સ્વકાળ હોવાથી જીવના રાગની અપેક્ષા વિના જ સ્વતંત્રપણે પરમાણું કર્મરૂપે પરિણમે છે. એવો જ નિમિત્ત – નૈમિત્તિક સંબંધ સહજ છે. આ બહુ સૂક્ષ્મ વાત છે. નિમિત્ત – નૈમિત્તિક સંબંધની સહજતાનું અજ્ઞાનીને ભાન નહિ હોવાથી જ બે દ્રવ્યોમાં કર્તા – કર્મનો ભ્રમ થાય છે. દરેક દ્રવ્યના પરિણમનને પરની અપેક્ષા જ નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર જ પરિણમી રહ્યા છે.

પ્રશ્નઃ – જીવ અનાદિથી શુદ્ધ જ છે તો પછી નિમિત્તે જીવને વિકાર ક્યારથી કરાવ્યો છે?

ઉત્તરઃ – વિકાર પણ અનાદિનો છે ને શુદ્ધતા પણ અનાદિની છે.

પ્રશ્નઃ –શુદ્ધતા અનાદિની છે તો વિકાર થયો ક્યાંથી?

ઉત્તરઃ – પર્યાયની યોગ્યતાથી વિકાર થયો છે ને તે અનાદિનો છે અને દ્રવ્યસ્વભાવ શુદ્ધ પણ અનાદિનો છે. એ શુદ્ધતાની સામું જોને! પર્યાયનો વિકાર ક્ષણિક છે, તેની સામું જોવાનું છોડી દે.

પ્રશ્નઃ – અમારે તો પર્યાયનું કામ છે ને?

ઉત્તરઃ – પર્યાય તો એક સમયમાત્રની છે અને ત્રિકાળી ધ્રુવ વસ્તુ એ જ મૂળ જીવ સ્વભાવ છે. શુભાશુભ વિકારભાવ તે જીવ છે જ નહિ, જીવ તો ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક જ છે. સમયસારની છઠ્ઠી ગાથામાં કહ્યું છે ને કે જીવ અપ્રમત્ત કે પ્રમત્તરૂપે નથી, એક જ્ઞાયક ભાવ જ છે. વિકારની પર્યાયને ગૌણ કરવાથી જ ધ્રુવ વસ્તુ –જ્ઞાયકભાવ લક્ષમાં આવી શકે છે.

પ્રશ્નઃ – આગમનો વ્યવહાર અને અધ્યાત્મનો વ્યવહાર એટલે શું?

ઉત્તરઃ અધ્યાત્મમાં શુદ્ધ દ્રવ્યને નિશ્ચય કહે છે અને શુદ્ધ પરિણતિ ને વ્યવહાર કહે છે. આગમમાં શુદ્ધ પરિણતિને નિશ્ચય કહે છે અને તેની સાથે વર્તતા શુભ પરિણામને વ્યવહાર કહે છે.

પ્રશ્નઃ – પ્રથમ નિર્વિકલ્પ દશા થતાં કેવો આનંદ આવે છે?

ઉત્તરઃ – નિર્વિકલ્પ દશામાં પરમ આનંદ, આહ્લ્લાદ.... આહ્લ્લાદ આવે છે. અનંત ગુણોનું અંશે સ્વતરફ પરિણમન થાય છે તેમાં અતીન્દ્રિય આનંદ આવે છે.

પ્રશ્નઃ – સમ્યગ્દર્શનમાં પરમ આનંદ આવે છે તો નિર્વિકલ્પ – દ્રષ્ટિ છોડે છે કેમ?

ઉત્તરઃ વિકલ્પનો આશ્રય થઈ જાય છે; ભ્રમ થઈ જાય છે, તેથી દ્રષ્ટિ છૂટી જાય?

પ્રશ્નઃ – વિકલ્પ સહિત નિર્ણય કરવો તે સામાન્ય શ્રદ્ધા અને નિર્વિકલ્પ અનુભવ કરવો તે વિશેષ શ્રદ્ધા છે?

ઉત્તરઃ – શ્રદ્ધામાં સામાન્ય વિશેષના ભેદ છે જ નહિ. અખંડ આત્માના નિર્વિકલ્પ અનુભવ સહિત પ્રતીત કરવી તે જ નિશ્ચય સમ્યગ્દર્શન છે, એ સમ્યગ્દર્શન કરવાવાળા જીવને પહેલાં આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવો વિકલ્પ સહિત નિર્ણય હોય છે, અને પછી નિર્વિકલ્પ અનુભવ કરે છે ત્યારે પહેલાંના વિકલ્પ સહિતના નિર્ણયને વ્યવહાર કહેવાય છે.

પ્રશ્નઃ – સોગાનીજીએ આત્માના આનંદને શેરડીના રસની ઘૂંટ પીવાના આસ્વાદનો દાખલો આપ્યો છે અને ભજનમાં આત્માના આનંદને સાકર ને ઘેવર જેવા આસ્વાદનો દાખલો આપ્યો છે તે બેમાંથી કોની જેવો આનંદના અનુભવનો આસ્વાદ હોય?

ઉત્તરઃ – એ બન્ને તો જડના રસના આસ્વાદ છે, તે કોઈની ઉપમા આત્માના આનંદને લાગુ પડતી નથી, એ તો સમજાવવા માટે દાખલો આપ્યો છે. આત્માના આનંદને કોઈની ઉપમા લાગુ પડતી નથી. આનંદ અનુપમ અતીન્દ્રિય છે.

પ્રશ્નઃ – અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ તે કયા ગુણની પર્યાય છે?

ઉત્તરઃ – સરાગસમ્યક્ તે છે તો શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય, પણ તેની સાથે રાગનો દોષ છે તેનો સંબંધ ગણીને સમ્યક્ને સરાગસમ્યક્ કહ્યું છે. ચારિત્રનું વજન દેવા માટે સમ્યક્ નિર્મળ હોવા છતાં સાથે વર્તતા રાગનો દોષ બતાવતા સમ્યક્ને સરાગસમ્યક્ કહેવામાં આવ્યું છે.

પ્રશ્નઃ – શુભરાગ પણ કુશીલ છે તો જ્ઞાની શુભરાગને કેમ કરે છે?

ઉત્તરઃ – જ્ઞાની શુભરાગને કરતો નથી પણ નિર્મળ ભૂમિકામાં શુભરાગ આવ્યા વિના રહેતો

નથી. પણ તેને હેય જાણી વીતરાગ થવા માટે છોડવા જેવો છે તેમ માને છે. બાર અનુપ્રેક્ષામાં કુંદકુંદ આચાર્યે શુભ રાગને અનર્થનું કારણ કહ્યું છે. તેથી જ્ઞાનીને શુભરાગ આવતો હોવા છતાં છોડવા જેવો છે તેમ જાણે છે.

પ્રશ્નઃ – સ્વાનુભવ કરવા છ માસ અભ્યાસ કરવાનું કહ્યું છે તો અભ્યાસ શું કરવો ?

ઉત્તરઃ – રાગ તે હું નહિ, “જ્ઞાયક તે જ હું” એમ જ્ઞાયકની દ્રઢતા થાય તેવો વારંવાર અભ્યાસ કરવો.

પ્રશ્નઃ – પર્યાય વ્યય થઈને દ્રવ્યમાં સમાઈ જાય છે તો અનંતી અશુદ્ધ પર્યાય દ્રવ્યમાં સમાઈ જવાથી દ્રવ્ય હાનિ ન પામે ?

ઉત્તરઃ – અશુદ્ધતા તો પ્રગટ પર્યાયમાં નિમિત્તના લક્ષે હોય છે. પર્યાય વ્યય થઈને દ્રવ્યમાં સમાઈ જતાં પર્યાય પર્યાયરૂપે રહેતી નથી પણ પારિણામિકભાવરૂપે થઈ જાય છે. દ્રવ્યમાં વિકાર પડયો નથી માટે દ્રવ્યમાં કદી પણ હાનિ થતી નથી.

* અરે ભગવાન ! જન્મવું એ કલંક છે. તું ચોરાશીના અવતારમાં ઉપજવાને યોગ્ય જ નથી. તું તો સિદ્ધસ્વરૂપે થવાને જ યોગ્ય છો. ચાર ગતિના ભવમાં અરે ! સર્વાર્થસિદ્ધિના ભવમાં પણ ઉપજવા યોગ્ય તું નથી. તું સિદ્ધસ્વરૂપને જ યોગ્ય છો. ભાઈ ! અંદરમાં આવી શ્રદ્ધા તો કર.

* આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે તેને રાગવાળો માનવાથી કાંઈ શુદ્ધચૈતન્યનો નાશ થઈ જતો નથી. જેમ કરોડપતિ માટે કોઈ દીવાળું કાઢયાનું કહે કે તેના ઘરની ભીંતે લખે તેથી કાંઈ તેની મૂડી ચાલી જતી નથી. તેમ આત્માને વિકલ્પવાળો માનવાથી શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્માનો નાશ થઈ જતો નથી. ભૂલ એક સમયની છે ને ભગવાન તો ત્રિકાળ આનંદ સ્વરૂપે જ છે.

* યોગસારમાં કહ્યું છે કે પુણ્ય ને પુણ્ય તો સૌ જાણે છે પણ અનુભવી જ્ઞાની પુણ્યતત્ત્વને પણ પાપતત્ત્વ જાણે છે. જયસેન આચાર્યે પણ સમયસારમાં પાપતત્ત્વના અધિકારમાં વ્યવહાર–રત્નત્રયને પાપ કહ્યું છે. કેમ કે શુભરાગ છે તે સ્વરૂપથી પતિત કરે છે તેથી પુણ્યને પાપ કહ્યું છે. તથા વ્યવહાર પ્રતિક્રમણને વિષકુંભ કહ્યું છે. શ્રી સમયસારની ગાથા ૩૧ માં ઇન્દ્રિય, વિષય અને ક્ષયોપશમજ્ઞાનને પણ ઇન્દ્રિય કહી છે. પદ્મનંદી આચાર્યે શાસ્ત્રમાં રમતી બુદ્ધિને વ્યભિચારી કહી છે. મૂળ નિશ્ચયની વાત જગતે સાંભળી નથી. નિશ્ચયની કથની અંતર્મુખ લઈ જવા માટે છે. સ્ત્રી તરફ દેખવું કે પ્રતિમા તરફ દેખવું તે બન્ને પર વિષય હોવાથી તેના તરફ લક્ષ જતાં રાગ થાય છે. જિન શુદ્ધાત્મા સન્મુખ દેખવું તે જ વીતરાગતાનું કારણ હોવાથી સ્વસન્મુખ વાળવા પરનું લક્ષ છોડાવેલ છે.

* વિકાર થવાનું કારણ કર્મ કે પરદ્રવ્ય તો નથી પણ પોતાનું દ્રવ્ય પણ ખરેખર કારણ નથી. તે સમયની પર્યાયનું કારણ પર્યાય પોતે જ છે. પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર પરિણમી છે. ઉત્પાદપર્યાય ઉત્પાદથી છે, વ્યય તેનું કારણ નથી, અને ધ્રુવ દ્રવ્ય પણ તેનું કારણ નથી. સતરૂપ પર્યાય છે તે અહેતુક સત્ છે. આ વાત બહુ ઝીણી છે, સમજવા જેવી છે. પ્રવચનસાર ગાથા ૧૦૧ માં આવે છે કે ઉત્પાદ ઉતપાદના આશ્રયે છે. વ્યય વ્યયના આશ્રયે છે. ધ્રુવ ધ્રુવના આશ્રયે છે. ઉત્પાદની ધ્રુવમાં નાસ્તિ છે, ધ્રુવની ઉત્પાદ– વ્યયમાં નાસ્તિ છે. સત્ સ્વતંત્ર છે એક સત્ની બીજા સત્માં નાસ્તિ છે. પર્યાય આ રીતે સ્વતંત્ર થાય છે એમ દેખનારનું લક્ષ ક્યાં જાય છે? કે દ્રવ્યની અંદર જાય છે કે અહો! મારું દ્રવ્ય આવું સામર્થ્યવાળું છે – એમ સત્ના નિર્ણયથી દ્રષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે, એ આ સ્વતંત્રતા સમજવાનું પ્રયોજન છે.
* શ્રદ્ધા જ્ઞાનમાં હા તો પાડ કે આ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય તે જ હું છું. જેની રુચિ આત્મામાં જામી છે, જ્ઞાનસ્વરૂપ જ છું તેમ રુચિમાં બેઠું છે, તે કામ કરીને આગળ વધી જશે અને જેને આ પરમ સત્ય નહિ બેસે તે પાછળ પડયા રહેશે. આત્મા સમજવા માટે કેટલીક તો એને રાગની મંદતા હોવી જોઈએ. રાગની તીવ્રતામાં તો આત્મા સમજવામાં આવતો નથી. એથી રાગની મંદતાને વ્યવહાર કહેવામાં આવે છે.

પ્રશ્નઃ – તિર્યંચો પણ સમ્યગ્દર્શન પામી જાય છે, તો તેને અભ્યાસ હોય છે?

ઉત્તરઃ – તિર્યંચો પણ આવા પરમાત્મસ્વરૂપને પામી જાય છે. અઢીદ્વીપની બહાર અસંખ્ય તિર્યંચો છે. હાથી સિંહ, વાઘ, સર્પ, મચ્છ આદિ પશુઓ છે તેણે પૂર્વે જ્ઞાની પાસેથી સાંભળેલ હોય છે, તેના સંસ્કારથી આત્મભાન કરી લ્યે છે. કેટલાક મગર મચ્છ જિનપ્રતિમા આકારના હોય છે તેને દેખીને પૂર્વ સંસ્કાર યાદ આવતા, હું ચૈતન્યસ્વરૂપ છું તેમ ભાન થતાં, અંતર્મુખ થઈ જાય છે.

* પચ્ચીસ હાથની ઉંડી ને સાંકડી લોઢાની કોઠી હોય તેમાં માણસને નાખીને ઢાંકણું બંધ કરી ધ્યે અને અંદર જરાપણ હલચલ કરી શકે નહિ અને એ કોઠીને અગ્નિમાં તપાવે, અહાહા! એ પીડા.... પીડા.... એની કરતાં અનંત ગુણી પીડા પહેલી નરકમાં છે. ત્યાં અનંત વાર જઈને દુઃખો ભોગવ્યા છે. પણ જગતને એ વિચાર ક્યાં છે?
* આત્મ સ્વભાવમાં પરવસ્તુનું ગ્રહણ કે ત્યાગ નથી છતાં આ વસ્તુને ગ્રહણ કરું છું, આ વસ્તુને છોડું છું, એવી મિથ્યાબુદ્ધિ વડે શુભ ક્રિયાને ગ્રહણ કરીને અશુભ ક્રિયાને છોડે છે પણ તે શુભાશુભ ક્રિયામાં ભલું તો કાંઈ નથી છતાં વ્રત–નિયમ –શીલ–તપ આદિને ભલા માની ગ્રહણ કરે છે અને અમારે વિષયો ખપે નહિ, ધનાદિ ખપે

નહિ, હિંસાદિ આરંભની પ્રવૃત્તિ ખપે નહિ, એવી મિથ્યાબુદ્ધિ વડે બંધના કારણભૂત શુભક્રિયાને ગ્રહણ કરીને આત્મસન્મુખતા છોડતો હોવાથી તે મિથ્યાદ્રષ્ટિ છે.

* સાચા ભાવલિંગી મુનિને છઠ્ઠા ગુણસ્થાને જેટલા શુભ પરિણામ આવે છે તેને પણ જગપંથ નાટક સમયસારમાં કહ્યો છે. જેમને પ્રચુર આનંદનું વેદન છે, એવા ભાવલિંગી સંતના શુભ રાગને પણ જગપંથ કહ્યો છે કેમ કે તે બંધનું કારણ છે અને તેમાં ધર્મ માને છે તે તો મિથ્યાદ્રષ્ટિ જ છે. સમયસાર કળશ ૧૦૮ માં પણ કહ્યું છે કે વ્યવહારચારિત્ર હોતું થકું જીવના શુદ્ધ પરિણમનું ઘાતક છે, દુષ્ટ છે, અનિષ્ટ છે, તેથી વિષય – કષાયની માફક નિષેધ્ય છે, ઉપાદેય નથી. તેથી શુભ ક્રિયારૂપ યતિપણાનો ભરોસો છોડી શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવવા યોગ્ય છે.

* જેમ કિંમતી વસ્તુને ઠોકર વાગવા દેતાં નથી, સંભાળ રાખે છે કેમ કે પાતળા કાચ આદિની કિંમતી વસ્તુને ઠોકર વાગતા તુટી જાય છે, બગડી જાય છે, તેથી બહુ સંભાળ રાખવામાં આવે છે. તેમ કિંમતી ચૈતન્યરત્નને શુભરાગથી ઠોકર વાગે છે, તેથી ધર્મી જીવ અમૂલ્ય ચૈતન્યરત્નની સંભાળ રાખે છે. ઠોકરથી સાવધાન રહે છે કેમ કે રાગની ઠોકર વાગતા પર્યાયમાં આનંદનો ઘાત થઈને દુઃખ ઉત્પન્ન થાય છે.

* એક ચાંપા નામનો ગોવાળ પોતાને ભૂલી ગયો ને ઘેર આવીને બારણું ખખડાવવા લાગ્યો કે ચાંપો ઘેર છે? ત્યારે તેની સ્ત્રી બારણું ઉઘાડીને કહે છે કે તમે કોણ છો? તમે જ ચાંપો છો ને! તમે જ તમને ભૂલી ગયા? તેમ અજ્ઞાની પોતાને ભૂલીને દેહ–મન– વાણી – પુણ્ય – પાપના વિકલ્પમાં આત્માને શોધવા લાગ્યો ત્યારે શ્રીગુરુ કહે છે કે અરે ભાઈ! આત્માને શોધનારો તું કોણ છો? તું પોતે જ જ્ઞાનસ્વરૂપ આત્મા છો ને! તું તને ભૂલી બીજે ક્યાં શોધે છે?

* અહીં પરમાત્મ પ્રકાશમાં કેવળજ્ઞાનની પર્યાયને શાશ્વત કહી છે. પંચાસ્તિકાયમાં કેવળજ્ઞાન પર્યાયને કુટસ્થ કહી છે. ત્યાં એમ કહેવું છે કે કેવળજ્ઞાન પર્યાય પ્રગટી તે સદાકાળ એવી ને એવી રહે છે તેમ બતાવવું છે. અને કેવળજ્ઞાન પર્યાયને ક્ષણિક કહી છે, નાશવાન કહી છે. ત્યાં ત્રિકાળી ધ્રુવદ્રવ્યની ધ્રુવતા અને શાશ્વતતા બતાવી કેવળજ્ઞાનની પર્યાયનું ક્ષણિકપણું બતાવ્યું છે. જ્યાં જે અપેક્ષાએ કહ્યું હોય તે રીતે સમજવું જોઈએ.

* ખરેખર તો સૂર્યનો પ્રકાશ આખી પૃથ્વી ઉપર પડે છે છતાં સૂર્યને પૃથ્વી એક થતાં નથી, તેમ આ જગતની ભિન્ન ભિન્ન ચીજો જ્ઞેય છે. તેને જ્ઞાન જાણવાનું જ કામ કરે છે. જ્ઞાનમાં બધું જણાયા જ કરે છે છતાં તે જ્ઞાન અને જ્ઞેય એક થતાં નથી,

ભિન્ન ભિન્ન જ રહે છે. સમયસારમાં ખડી અને ભીંતનું દ્રષ્ટાંત આપી જગતના પદાર્થોને જ્ઞાન જાણવા છતાં જ્ઞાન ને જ્ઞેય એક થતાં જ નથી તેમ કહેવું છે.

* મોક્ષમાર્ગ બે પ્રકારથી છે, એક વ્યવયહાર, બીજો નિશ્ચય. નિશ્ચય તો સાક્ષાત્ મોક્ષમાર્ગ છે, વ્યવહાર પરંપરા છે. અથવા સવિકલ્પ–નિર્વિકલ્પના ભેદથી નિશ્ચય–મોક્ષમાર્ગ પણ બે પ્રકારથી છે. હું અનંત જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ છું, એક છું, અખંડ છું, ધ્રુવ છું એવું ચિંતવન છે તે સવિકલ્પ નિશ્ચય – મોક્ષમાર્ગ છે તે સાધક છે અને સવિકલ્પ ચિંતવન છૂટીને નિર્વિકલ્પ આત્મ અનુભવ તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. તે સાધ્ય છે. ‘રહસ્યપૂર્ણ ચિઠ્ઠી’ માં આવે છે કે પહેલાં હું શુદ્ધ છું આદિ ચિંતવનથી આત્મામાં અહંપણું ધારે છે અને પછી તે વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ થાય છે. આ રીતે સવિકલ્પ ચિંતવનને–સવિકલ્પ નિશ્ચય મોક્ષમાર્ગને સાધક કહ્યો અને નિર્વિકલ્પ ધ્યાનને–નિર્વિકલ્પ નિશ્ચય મોક્ષમાર્ગને સાધ્ય કહ્યો છે. જેમ દેવ–ગુરુ–શાસ્ત્રની રાગમિશ્રિત શ્રદ્ધાને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે તે સમ્યક્ત્વ નથી. છે તો રાગ, પણ સમકિતનો આરોપ કરીને વ્યવહાર સમ્યગ્દર્શન કહ્યું છે. તેમ અહીં નિશ્ચય મોક્ષમાર્ગનો આરોપ કરીને સવિકલ્પ ચિંતવનને સવિકલ્પ મોક્ષમાર્ગ કહ્યો છે. સ્વના આશ્રયનો વિકલ્પ છે તેથી તેને સાધક કહ્યો છે. વિકલ્પ છે તે બંધનું કારણ છે તોપણ નિશ્ચયનો આરોપ કરીને સાધન કહેવામાં આવે છે. હું શુદ્ધ છું આદિ નિશ્ચયના સવિકલ્પ ચિંતવનને નિશ્ચયનયનો પક્ષ કહ્યો છે ને! તેમ અહીં આરોપ કરીને કહ્યું છે.

( પરમાત્મ પ્રકાશ અધ્યાય – ૨, ગા. ૧૪ ના પ્રવચનમાંથી )

* રાગથી ભિન્ન પડીને જાણવાપણે રહેનારા છે તે રાગના કર્તાપણામાં રહી શકે નહિ અને રાગનો કર્તા છે તે રાગથી ભિન્નપણે જ્ઞાતાપણામાં રહી શકશે નહિ. કરવારૂપ ક્રિયા એટલે રાગની ક્રિયા મારી છે તેમ માનનાર જ્ઞાતારૂપ ક્રિયામાં રહી શકતો નથી. જ્ઞાતા ક્રિયા તેને ભાસતી નથી. રાગને કરું છું –એવી ક્રિયામાં નપુષકતા છે. આત્માના વીર્યનું તે કાર્ય નથી અને આત્માની શ્રદ્ધા જ્ઞાનની ક્રિયાના શુદ્ધતાના પરિણમનમાં અશુદ્ધતાના રાગની ક્રિયા ભાસતી નથી, પણ રાગને જાણવારૂપ જ્ઞાનની ક્રિયા ભાસે છે. જ્ઞાનની રચના કાળે રાગનું રચવું થતું નથી તેથી રાગ જ્ઞાનીને ભાસતો નથી. બહિર્દષ્ટિ છે તે અંતરદ્રષ્ટિમાં રહી શકતો નથી અને અંતરદ્રષ્ટિ છે તે બહિર્દષ્ટિમાં રહી શકતો નથી. એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી.

* હમણાં તો મોટર–ટ્રેઈન–પ્લેન આદિના અકસ્માતથી કેટલાય માણસો મરી ગયાનું સંભળાય છે. આંખ ખુલે ને સ્વપ્ન ચાલ્યું જાય તેમ દેહ અને ભવ ક્ષણમાં ચાલ્યો

જાય છે. હાર્ટફેઇલ થતાં ક્ષણમાં નાની–નાની ઉંમરના ચાલ્યા જાય છે. અરે! આ સં... સા... ર! નરકમાં અનાજનો દાણો ન મળે, પાણીનો બીંદુ ન મળે ને પ્રતિકૂળતાનો પાર નહિ એવી સ્થિતિમાં અનંતવાર ગયો પણ ત્યાંથી નીકળ્યો, ત્યાં બધું ભૂલી ગયો. એનો જરા વિચાર કરે તો એ બધા દુઃખથી છૂટવાનો રસ્તો શોધે. અહા! આવો માનવભવ મળ્યો છે અને આવું સત્ય સમજવાનો જોગ મળ્યો છે એમાં પોતાના આત્માનું હિત કરી લેવા જેવું છે.

* બંધન રહિત મોક્ષ એ પરમ સુખરૂપ છે, જો બંધન રહિત દશામાં સુખ ન હોત તો, પશુ પણ બંધનથી છૂટવા માટે ઈચ્છા ન કરત! પશુ જેવું જાનવર પણ ૨૩ કલાક ખીલે બંધાએલ તેને પાણી પીવા માટે છોડતાં ખુશી ખુશી થઈ જાય છે તો હે ભાઈ! તું કર્મબંધનથી રહિત એવા મોક્ષ સુખની કેમ ઇચ્છા કરતો નથી? બંધન સમાન કોઈ દુઃખ નથી અને મુક્તિ સમાન કોઈ સુખ નથી. મોક્ષ એ સર્વ બંધનથી રહિત હોવાથી પરમ સુખ સ્વરૂપ છે.

* મોક્ષમાં એટલે સિદ્ધમાં અનંત અનંત ગુણો પ્રગટી ગયા છે તેથી તો સિદ્ધો લોકના શિખર ઉપર બિરાજે છે, એટલે કે સિદ્ધો અનંત અનંત ગુણસ્વરૂપ હોવાથી લોક પોતાના શીર ઉપર સિદ્ધોને ધારણ કરે છે. બાધક અને સાધક જીવો તો સિદ્ધોને પોતાના શીર ઉપર ધારણ કરે છે. પણ કેવળીઓએ તેરમાં ગુણસ્થાનવાળાએ પણ પોતાના શીર ઉપર સિદ્ધોને ધારણ કર્યાં છે અને તીર્થંકરો જ્યારે દીક્ષા લ્યે છે ત્યારે સિદ્ધોને નમસ્કાર કરીને અનંત ગુણસ્વરૂપમાં અંતરમાં ઉતરી જાય છે ને ચારિત્રદશા પ્રગટ કરે છે. તેથી સિદ્ધોનું સર્વોત્કૃષ્ટપણું સિદ્ધ થાય છે.

* જગદીશ જગતથી ને દેહથી તદ્દન ભિન્ન છે. ભગવાન દેહાદિથી તદ્દન જુદો છે એવા અંદરમાં સંસ્કાર તો નાખ? પોતે મુક્ત સ્વરૂપ જ છે ને પર્યાયમાં દ્રવ્ય–ભાવ–કર્મની જેલમાં બંધાણો છે તો પણ અંદરમાં મુક્ત સ્વરૂપે જ છે એના સંસ્કાર દ્રઢ કર.

* .......... જોયું ને! શરીર તો ક્ષણમાં છૂટી જાય છે, એ તો રોગનું ઘર છે, ચોવીસ કલાક શરીરનું ધ્યાન કરે, ખાવાનું, પીવાનું, સુવાનું આદિ અને ક્ષણમાં દગો દે છે.

* શુદ્ધ ચૈતન્યના આશ્રયરૂપ નિશ્ચય–દ્રષ્ટિ થયા વિના વ્યવયહાર કહેવો કોને? નિશ્ચય દ્રષ્ટિ હોય તેને જ વ્યવયહાર સાચો હોય પણ વ્યવહાર હોય તો નિશ્ચય પ્રગટ થાય એમ છે જ નહિ. પહેલાં કષાયની થોડી મંદતા, દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા નવતત્ત્વનું જ્ઞાન આટલું પહેલાં હોય તો તેને અંતર્મુખ થવાનો અવકાશ થાય. પણ આવું હોય તો નિશ્ચય પ્રગટ થાય જ એમ નથી.

* છ દ્રવ્યો તે વ્યવહાર સમ્યક્ત્વનું કારણ છે તોપણ નિશ્ચયથી શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ સમ્યક્ત્વનું કારણ નિત્યાનંદરૂપ એક શુદ્ધાત્મ સ્વભાવ જ છે. વ્યવહાર સમ્યક્ત્વનું કારણ છ દ્રવ્યો છે. તેમાં અનંતા સિદ્ધો તથા લાખો કેવળીઓ આવી જાય છે. તે વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય છે એટલે કે છ દ્રવ્યો તરફ લક્ષ જતા રાગ થતો હોવાથી રાગનું કારણ છે. નિજશુદ્ધાત્મા તે વીતરાગી નિશ્ચય સમ્યગ્દર્શનનું કારણ છે.
* નિશ્ચય મોક્ષમાર્ગ તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે અને તેની સાથે રહેલા શુભરાગને પરંપરા મોક્ષનું કારણ કહેવામાં આવ્યું છે એટલે તેનો અર્થ એ છે કે એ શુભ રાગનો પણ અભાવ કરીને મોક્ષ થશે, તેથી તે શુભરાગને પરંપરા મોક્ષનું કારણ કહેવામાં આવે છે.

પ્રશ્નઃ– શુદ્ધાત્માની રુચિરૂપ સમ્યગ્દર્શનને નિશ્ચય સમ્યગ્દર્શન કહ્યું છે તે નિશ્ચય સમ્યગ્દર્શનને સરાગસમ્યક્ અને વીતરાગસમ્યક્ એવા બે ભેદરૂપ કેમ કહેવામાં આવે છે?

ઉત્તરઃ– નિશ્ચય સમ્યગ્દર્શનની સાથે વર્તતા રાગને બતાવવા માટે નિશ્ચય સમ્યક્ત્વને સરાગ સમ્યત્વ કહેવામાં આવે છે. ત્યાં સમ્યગ્દર્શનને તો નિશ્ચય છે પણ સાથે વર્તતો શુભરાગનો વ્યવહાર છે તેનો સંબંધ બતાવવા સરાગ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. ગ્રહસ્થાશ્રમમાં રહેલા તીર્થંકર, ભરત, સગરચક્રિ, રામ, પાંડવ આદિને સમ્યગ્દર્શન તો નિશ્ચય હતું છતાં તેની સાથે વર્તતા શુભરાગનો સંબંધ બતાવવા તેમને સરાગ સમ્યગ્દ્રષ્ટિ કહેવામાં આવે છે. અહીં વીતરાગતાનું વજન દેવું છે તેથી નિશ્ચય સમ્યક્ત્વ હોવા છતાં સરાગ સમ્યક્ત્વ કહ્યું છે અને તેને વીતરાગ સમ્યક્ત્વનું પરંપરા સાધક કહ્યું છે. શુદ્ધાત્માની રુચિરૂપ નિશ્ચય સમ્યગ્દર્શનમાં સરાગ વીતરાગના ભેદ નથી. છે તો વીતરાગ સમ્યગ્દર્શન, પણ જ્યાં સ્થિરતાની મુખ્યતાનું કથન ચાલતું હોય ત્યાં સમ્યક્ત્વની સાથે વર્તતા રાગનો સંબંધ ગણીને તેને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે અને રાગરહિત સંયમવાળાને વીતરાગ સમ્યક્ત્વ કહ્યું છે. જેવો વીતરાગ સ્વભાવ છે તેવું પર્યાયમાં વીતરાગી પરિણમન થયું છે તેથી તેને વીતરાગી સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

પ્રશ્નઃ– સ્વરૂપ સંબંધી ચિંતવન પર પરાવલંબન છે?

ઉત્તરઃ– સ્વરૂપના ચિંતવનમાં શુભ વિકલ્પ છે ને વિકલ્પને પરનો આશ્રય આવે છે.

પ્રશ્નઃ– પણ વિચાર તો સ્વરૂપનો ચાલે છે ને?

ઉત્તરઃ– વિચાર સ્વરૂપનો છે પણ સાથે વિકલ્પ છે તેથી પરાશ્રય છે.

પ્રશ્નઃ– સ્વને કદી દેખ્યો નથી તો નિર્ણય કેમ કરવો?

ઉત્તરઃ – સ્વને દેખ્યો નથી એવો નિર્ણય કોણે કર્યો? એ નિર્ણય કરનારો સ્વ પોતે છે. તેનો પહેલાં અનુમાન– આગમ – ગુરુથી વિકલ્પ રહિત નિર્ણય દ્રઢ કરતાં સ્વનો પ્રત્યક્ષ અનુભવ થાય છે.

* આત્મા પુણ્ય – પાપના રાગથી ભિન્ન છે. પુણ્ય – પાપ ભાવના સ્વાદ તો ઝેરીલા સ્વાદ છે અને આત્માનો સ્વાદ તો મીઠો મધુરો છે, આત્મા ચૈતન્યપ્રકાશનો પુંજ છે. પુણ્ય – પાપના ભાવ તો અચેતન છે, જડ છે, એ રાગાદિકભાવ મારાથી ભિન્ન છે – એમ નિર્ણય થવો જોઈએ.

પ્રશ્નઃ– રાગની ભિન્નતાનો નિર્ણય તો થયો છે.

ઉત્તરઃ– ધારણાથી ભિન્નતા લાગે એ સાચો નિર્ણય નથી પણ આત્માના આનંદનો સ્વાનુભવ આવે ત્યારે રાગની ભિન્નતા સાચી ભાસી કહેવાય.

પ્રશ્નઃ– આત્માના સ્વાનુભવની કુંચી ( –ચાવી ) બતાવો?

ઉત્તરઃ– આત્મા આનંદમૂર્તિ વિકલ્પથી ભિન્ન છે, એવા નિર્ણય પૂર્વક સ્વભાવ સન્મુખ એકાગ્રતા કરવાથી સ્વાનુભવ થાય છે એ સ્વાનુભવ કરવાની કુંચી ( – ચાવી ) છે.

પ્રશ્નઃ – સાતમી નરકમાં જાય છે તે જીવે ઘોર પાપ કર્યાં હોય છે તેથી જાય છે, પણ તાદુલ મચ્છે તો કોઈ જીવોની હિંસા કરી ઘોર પાપ કર્યું નથી છતાં તે સાતમી નરકમાં જાય છે એ તો નવાણીયો ( નિર્દોષ ) કુટાયા જેવું લાગે છે.

ઉત્તરઃ – તાદુલમચ્છ સાતમી નરકમાં જાય છે તે નવાણિયો ( નિર્દોષ ) કુટાયો નથી પણ તેણે ઘોર હિંસાના ભાવો કર્યાં હતાં. બાહ્ય હિંસા થવી ન થવી તે જીવના અધિકારમાં નથી પણ ભાવમાં હિંસા કરે તેનું પાપ લાગે છે. તાદુલમચ્છે મહામચ્છના મુખમાંથી માછલા જીવતાં નિકળી જતા દેખી દેખીને તેને મારવાના ઘોર પાપ ભાવ કર્યાં હતાં તેથી મહામચ્છ તો છઠ્ઠી નરકમાં જાય છે અને તાદુલમચ્છ ભાવની પ્રચુરતાથી સાતમી નરકમાં જાય છે. આ દ્રષ્ટાંત એ બોધ આપે છે કે ભાવહિંસાથી સાવધાન રહેવું. બાહ્ય હિંસા થવી ન થવી તે આત્માનું કાર્ય નથી.

* એક સમયની પર્યાયમાં અનાદિની રમત છે. દિગમ્બર જૈન સાધુ થયો પણ એક સમયની પર્યાયમાં કષાયની મંદતામાં રમ્યા કર્યો. અનાદિથી એક સમયની પર્યાયમાં પોતાને માનીને કષાયની તીવ્રતા ને મંદતામાં રમ્યા કર્યો છે. પર્યાયની પાછળ દ્રવ્ય આખું ધ્રુવ ચૈતન્ય ભગવાન છે તેનું લક્ષ કે દ્રષ્ટિ કર્યા નહિ તેથી તેના ભવભ્રમણનો અંત આવ્યો નહિ.

સુગમ દ્રષ્ટાંત................ ગહન સિદ્ધાંત

## જગતનું એક મહાન આશ્ચર્ય

શ્રીમદ્ રાજચંદ્રજીએ એક વખત ‘ગોસળીયા’ નો દાખલો આપ્યો હતો. એક ગામડામાં એક બાઇ હતી. તેને ગોસળીયા નામનો એક છોકરો હતો. તે છોકરાનો બાપ ગુજરી ગયો હતો અને બાઈ સાધારણ સ્થિતિની હતી. ગોસળીયો ૧૫ વર્ષની ઉંમરનો થયો ત્યારે તેની બાએ તેને થોડા રૂપિયા આપીને કહ્યું કે તું બાજુના શહેરમાં જઈને કાંઈક માલ લાવીને વેપાર કર, જેથી આપણું ગુજરાન ચાલે ગોસળીયાએ કહ્યું – બા, મોટા શહેરની બજારમાં જાઉં ને ત્યાં બજારમાં ઘણા માણસોની ભીડ વચ્ચે ગોસળીયો ખોવાઈ જાય તો? આ સાંભળતાં જ તેની માએ વિચાર્યું કે અરરર! ગજબ થઈને! તું પોતે ગોસળીયો તે તું ખોવાઈ જા? માતાએ કહ્યું – જો ભાઈ! તું પોતે ગોસળીયો છો. ગોસળીયો ખોવાઈ ન જાય, છતાં જો તને ગોસળીયો ખોવાઈ જવાની શંકા પડે તો તારા હાથમાં આ દોરો બાંધી દઉં છું, તે દોરો જોઈને નક્કી કરી લેજે. એમ કહીને માતાએ તેના હાથે દોરો બાંધી દીધો. અને ગોસળીયાભાઈ તો બાજુના શહેરમાં ખરીદી કરવા ઊપડયા.

ગોસળીયા પાસે થોડા જ રૂપિયા હતાં તેથી તેને હળદર, મરચાં વગેરે પરચુરણ ચીજો લેવાની હતી. શહેરમાં જઈને ગોસળીયાએ વિચાર્યું કે –અહીં (હળદર વગેરેની દુકાનો પાસે) તો થોડા માણસો છે. તેથી ભાવ વધારે હશે. અને જ્યાં સટોડિયાની બજાર હતી ત્યાં ઘણા માણસો જોઈને વિચાર્યું કે અહીં ઘણા માણસો છે તેથી સસ્તો ભાવ હશે. એમ ધારીને ગોસળીયો ત્યાં ગયો.. તેને લેવાં હતાં હળદર મરચાં અને ગયો સટ્ટા બજારમાં!! અને ઘણા માણસોની ભીડમાં તેના હાથનો દોરો છૂટી ગયો.

સટ્ટા બજારમાં હળદર–મરચાં નથી મળતાં, એમ ધારીને તે પાછો હળદર–મરચાંની દુકાને ગયો, માણસોની ભીડ ઓછી હતી. ત્યાં આવીને ગોસળીયાએ વિચાર્યું કે સટ્ટા બજારમાં માણસોની ભીડ વચ્ચે ગોસળીયો ખોવાઈ તો નથી ગયો ને? માટે લાવ દોરો તપાસી જોઉં.... હાથ સામે જોતાં દોરો ન દેખાણો.... ‘હાય.. . હાય! ગોસળીયો જરૂર ક્યાંક

ખોવાઈ ગયો ! ' એમ ધારીને એ તો આખા શહેરમાં ગોસળીયાને શોધવા મંડયો.... સાંજ સુધી રખડયો પણ શહેરમાં ક્યાંય ગોસળીયો જડયો નહિ. કેમકે તેની માએ તેને કહ્યું હતું કે જેને હાથે દોરો બાંધ્યો હોય તેને ગોસળીયા તરીકે ઓળખી લેજે. પણ એને દોરો દેખાણો નહિ. ગોસળીયો પોતે અને શોધે બહારમાં – એ તો ક્યાંથી જડે ? છેવટે સાંજે તેણે વિચાર્યું કે આ શહેરની ભીડથી કંટાળીને ગોસળીયો તેના ગામડામાં પાછો ચાલ્યો ગયો હશે. માટે હવે ગામડામાં જઈને શોધું તેથી તે પાછો પોતાના ગામ આવ્યો અને ઘેર જઈને માતાને કહ્યું – અરે બા ! ગોસળીયો તો ખોવાઈ ગયો. આખા શહેરમાં ઘણી તપાસ કરી પણ ગોસળીયો જડયો જ નહિ. તેની માતો કહ્યું – ભાઈ ! તું થાકી ગયો હઈશ. તેથી સૂઈ જા. પછી આપણે ગોસળીયાને ગોતશું. ગોસળીયો સૂઈ ગયો એટલે તેની માએ તેને હાથે દોરો બાંધી દીધો. સવારે ગોસળીયો જાગ્યો અને હાથ તરફ જોયું તો ત્યાં તેને દોરો દેખાણો અને તરત જ તે બોલી ઊઠયો – એ બા ! ગોસળીયો જડી ગયો. માતાએ કહ્યું અરે દીકરા ! ગોસળીયો ક્યાંય ખોવાણો ન હતો, ગોસળીયો તો ગોસળીયામાં જ હતો. દોરા વખતે તે જ હતો. અને દોરો છૂટયો ત્યારે પણ તે જ હતો. પણ તને ભ્રમ પડી ગયો હતો તેથી તું તને જ બહારમાં શોધતો હતો.

આ તો દ્રષ્ટાંત છે, હવે તેનો સિદ્ધાંત આત્મા ઉપર ઊતરે છે.

ગોસળીયો એટલે અજ્ઞાની જીવ, અનાદિથી તેને પોતાના સ્વરૂપની ખબર નથી. જડ શરીરના અસ્તિત્વથી જ તે પોતાનું અસ્તિત્વ માને છે. આયુ પૂર્ણ થતાં, જ્યાં શરીર છૂટી જાય છે, ત્યાં અજ્ઞાની માને છે કે મારું મૃત્યું થયું, મારો નાશ થઈ ગયો. આમ જડ શરીરના અસ્તિત્વથી પોતાના આત્માનું અસ્તિત્વ માનવું તે દોરાના અસ્તિત્વ વડે પોતાનું અસ્તિત્વ માનતાં ગોસળીયાના જેવી મુર્ખાઈ છે.

અજ્ઞાની જીવ પાંચ–ઇન્દ્રિયના વિષયોમાં સુખ કલ્પે છે. સુખ તો પોતાનો જ સ્વભાવ છે. તેથી સુખ તો પોતામાં જ ભરેલું છે. પરંતુ અજ્ઞાનીને પોતાના સુખ સ્વભાવની ખબર નથી તેથી પાંચ – ઇન્દ્રિયના વિષયોમાં નિરંતર સુખને શોધી રહ્યો છે. જેમ ગોસળીયો તો પોતે જ હતો. છતાં પોતાને ખોવાઈ ગયો સમજી તે પોતે જ પોતાને બહારમાં શોધતો હતો. તેમ ગોસળીયા જેવા અજ્ઞાની જીવ પોતામાં રહેલા સુખ – સ્વભાવની શ્રદ્ધાના અભાવે, પોતાના સુખને બહારમાં શોધી રહ્યો છે પણ જેમ બહારમાં ગોસળીયો ક્યાંય મળ્યો નહિ તેમ જીવને ઇન્દ્રિય વિષયોમાંથી કદાપિ સુખની પ્રાપ્તિ થતી નથી.

જ્યારે અજ્ઞાની જીવ શ્રીગુરુના મુખેથી આત્માના અદ્‌ભુત માહાત્મ્યની વાત સાંભળે છે. ત્યારે તેને પ્રશ્ન ઊઠે છે કે, આવો આત્મા દેખાતો કેમ નથી ? ઘટ – પટ આદિ સર્વ પદાર્થોને તે દેખી રહ્યો છે. આબાળ – ગોપાળ સૌને પોતાના અસ્તિત્વની નિરંતર અનુભૂતિ થઈ રહી છે તોપણ અજ્ઞાનીને પ્રશ્ન ઊઠે છે કે, આત્મા દેખાતો કેમ નથી ? ત્યારે શ્રી ગુરુ તેને કહે છે કે ભાઈ ! આ ઘટ – પટ આદિનો જાણનાર એ જ તું છો. તું ઘટ – પટ આદિને તો જાણે છે અને જાણનારને જાણતો નથી – શ્રદ્ધતો નથી એ મહાન આશ્ચર્યની વાત છે. પોતાને નિરંતર અનુભવમાં આવી રહેલા પોતાના અસ્તિત્વનો વિશ્વાસ ન આવવો એ જ જીવની મોટામાં મોટી ભ્રાંતિ છે. ગોસળીયાની મુર્ખાઈ તો જીવોને ખ્યાલમાં આવે છે પરંતુ ગોસળીયા જેવી પોતાની મુર્ખાઈનો તો પોતાને ખ્યાલ નથી આવતો. તેથી શ્રી ગુરુ ગોસળીયાનું દ્રષ્ટાંત આપીને, અજ્ઞાની જીવને આત્માનું સ્વરૂપ સમજાવે છે કે ભાઈ ! તું તારા અસ્તિત્વને ન સ્વીકારે તોપણ તારું અસ્તિત્વ તો સદાય હૈયાતિ ધરાવે જ છે. તારા અસ્તિત્વનો કદાપિ નાશ થતો નથી. પણ તારા મહાન અસ્તિત્વના વિશ્વાસના અભાવે તું ચાર ગતિના ઘોર દુઃખો ઉઠાવી રહ્યો છે, જો તું તારા જ્ઞાન અને સુખ સ્વભાવના મહાન અસ્તિવનો સમજણ પૂર્વક વિશ્વાસ કરે તો ચાર ગતિનું પરિભ્રમણ છૂટી જાય, અને તને સુખની પ્રાપ્તિ થાય.

( પૂ. ગુરુદેવશ્રીએ અનેક વખત આપેલા પ્રસિદ્ધ દ્રષ્ટાંતના આધારે )

## ❀ સંતોની ક્ષમાપના ❀

પરમ સત્ય વાત બહાર આવતાં અસત્યના આગ્રહવાળાને દુઃખ થાય તો “ક્ષમા કરજો” ભાઈ ! વસ્તુ તો જે સત્ય હોય, તે સત્ય જ રહેશે. કોઈને અમારા નિમિત્તે દુઃખ ન થાવ, અમારી નિંદા કરીને પણ સુખી થાવ, અમે જેવા છીએ તેવા જાણીને પણ સુખી થાવ. બધા જીવો દ્રવ્યે તો સાધર્મી છે તેથી બધા જીવો પ્રત્યે અમને સમભાવ છે.

ઉપરની વાત હાલમાં અનેકવાર પૂ. ગુરુદેવશ્રી ગદ્‌ગદ્‌ભાવે કહે છે. તેથી પદ્મનંદિ આચાર્યદેવ યાદ આવી જાય છે. તેમણે પણ બ્રહ્મચર્ય અધિકારના અંતમાં કહ્યું છે યુવાનોને મારી વાત ન રુચે તો “મને મુનિ જાણીને ક્ષમા કરજો”.

## તે પાપનું ફળ પણ શ્રેષ્ઠ છે, જે જીવને આત્મસન્મુખ કરે.

અજ્ઞાનીના સ્વર્ગના સંયોગો કરતાં ઘોર દુઃખમય એવી નરકની પીડા પણ શ્રેષ્ઠ છે જો તે વેદનાના નિમિત્તે જીવ આત્મસન્મુખ થતો હોય તો – એમ મુનિરાજ અહીં કહે છે. પહેલાં અજ્ઞાનપણે આકરા પાપ કરીને નરકમાં તો ગયો, પણ ત્યાંની અસહ્ય વેદના સહન ન થતાં દેવ દ્વારા ધર્મ શ્રવણથી, જાતિસ્મરણથી કે વેદનાથી ભયભીત થઈને ધર્મસન્મુખ થઈને આત્મજ્ઞાન પામે છે, તે પાપનું ફળ પણ પુણ્યના ફળ કરતાં પ્રશંસાયોગ્ય છે. એમ કહીને આત્મસન્મુખ થવાની પ્રેરણા કરી છે.

તા.૧૯–૧૧–૭૬ પરમાત્મપ્રકાશ–દ્વિતીય અધિકારની ગાથા–૫૬ ના પ્રવચનમાંથી

જે પાપના ફળમાં આ જીવ નરકાદિમાં મહાદુઃખ પામીને તે દુઃખ દૂર કરવા માટે આત્મસન્મુખ થાય છે તો તે પાપનું ફળ પણ શ્રેષ્ઠ છે, એમ કહીને આચાર્યદેવ આત્મસન્મુખ થવાની પ્રેરણા કરે છે.

પહેલાં પાપ કર્યું ને તેના ફળમાં નરકનું મહા દુઃખ પામ્યો, પણ પછી દુઃખથી છૂટવા માટે, પાપથી ઉદાસ થઈને સ્વસન્મુખ થાય છે તો તે પાપનું ફળ પણ પ્રશંસનીય છે. એક પળ પણ સહી ન જાય એવી મહા વેદનામાં સાગરોપમ ગાળ્યા, એવા પાપના ફળમાં તીવ્ર વેદનામાં પણ તે વેદનાનું લક્ષ છોડીને સ્વસન્મુખ થયો તો તે પાપનું ફળ પણ ભલુ છે.

હે જીવ! ઘણા આકરા પાપ કરીને નરકમાં ગયો ને નરકમાં જઈને પોતાના સ્વરૂપની દ્રષ્ટિ કરી તો તે દુઃખ પણ સારું છે. દુઃખ દૂર કરવા માટે આત્મસન્મુખ

થાય છે તો તે દુઃખ પણ શ્રેષ્ઠ છે. પુણ્યના ફળમાં ધર્મની મતિ ન સૂઝે અને જો પાપના ફળમાં ધર્મની મતિ સૂઝે તો પુણ્યના ફળ કરતાં પાપનું ફળ શ્રેષ્ઠ છે.

કોઈ જીવ પાપ કરીને નરકમાં જાય ને મહા દુઃખ ભોગવે અને એ દુઃખની વેદના કે જે કે જે એક પળ પણ સહી જાય નહીં, નરકની ઉષ્ણતાનો એક કણ અહીં આવે તો હજારો જોજનના માણસો ગરમીથી મરી જાય – એવી એવી અનંતા દુઃખોની પરાકાષ્ઠાનું શું કહેવું ? – તે સાંભળતાં ત્રાસ–ત્રાસ થઇ જાય, એવા તીવ્ર દુઃખની વેદના સમ્યગ્દર્શન વિના આ જીવે અનંતવાર સહન કરી છે. એક ક્ષણ પણ શાતાનો ઉદય નહીં, આહારનો એક કણ પણ મળે નહીં. કે પાણીનું એક બિંદુ પણ મળે નહીં. એવી પીડામાં ઉપજીને કોઈ જીવને કોઈ સમયે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જાય છે.

નરકની અસહ્ય વેદનામાં પણ અરેરે! આ દુઃખો! – એમ વિચારે ચઢીને તે વેદનાનું લક્ષ છોડીને કોઈ જીવ કોઈ સમયે ધર્મસન્મુખ થઈ જાય છે. નરકની એ પીડાની તે શું વાત! પારો જેમ ઢોળાય જાય ત્યારે નાના નાના કણરૂપ થઈ જાય તે પાછો ભેગો થઈ જાય તેમ નરકના દુઃખોથી શરીરના નાના નાના ટુકડા થઈ જાય તે પાછું ભેગું થઈ જાય એવી મહા પીડ જીવ અનંતવાર સહન કરી ચૂકયો છે. છતાં અહીંયા આવે–મનુષ્ય થાય ત્યાં બધું ભૂલી જાય ને આવી અનુકૂળતા વિના મારે ન ચાલે, આ જોવે ને તે જોવે–તેમાં ને તેમાં ભવ હારી જાય છે, પણ એને આત્માની દરકાર ક્યાં છે?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે, તેથી દ્રષ્ટિ કરવાથી જેવો વચનઅગોચર અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે તેવો જ વચન અગોચર તીવ્ર ઈન્દ્રિય દુઃખનો અનુભવ નરકમાં થાય છે. પણ એવા દુઃખનો વિચાર કરે તો ને!

જે સહ્યા જાય નહીં, આયુષ્ય પૂરું થાય નહીં – એવા દુઃખની વેદના અનંતવાર દરેક જીવ ભોગવી ચૂકયો છે, પણ અહીં તો જરાક ગરમ હવા કે પાણી અડે તો રાડ પાડી જાય, પણ એ વેદના તો નરકની વેદના કરતાં અનંતમાં ભાગની છે. નરકની વેદના... પ્રભુ! તેનું વર્ણન થઈ શકે નહીં. એવી આકરી વેદના સહી જાય નહીં ત્યારે કોઈ જીવનો કોઈ સમયે વેદનાથી છૂટવા માટે અંતરમાં વિચારે ચઢતાં વેદનાથી લક્ષ છૂટીને ધર્મસન્મુખ થાય છે, આત્મસન્મુખ થાય છે.

નરકમાં ધર્મસન્મુખ થવાના ત્રણ નિમિત્ત હોય છે. પહેલી ત્રણ નરકમાં કોઈ

દેવ જઈને પૂર્વના પ્રેમી ભાઈબંધને ધર્મ સંભળાવે કે અરે મિત્ર! આ તેં શું કર્યું? તેં પૂર્વે ભોગમાં આસક્તિ કરીને પાપ બાંધ્યું તેનું કેવું દુઃખ તું ભોગવી રહ્યો છે! એમ દેવ દ્વારા ધર્મશ્રવણ પામતો તે નારકી અંદર ઊતરી જાય છે ને આત્મસન્મુખ થાય છે.

કોઈ નારકી જીવને જાતિસ્મરણ થાય કે પૂર્વે ગુરુએ મને ઉપદેશ આપ્યો હતો પણ અરેરે! હું ભોગોથી વિરક્ત ન થયો. ગુરુઓ ગુરુનો ઉપદેશ સાંભળ્યો હતો છતાં મેં ઉપદેશ પ્રત્યે દુર્લભ સેવ્યું ને આ નરકના મહા દુઃખોમાં આવી પડયો – એમ જાતિ – સ્મરણ દ્વારા અંદરમાં ઊતરી જઇને આત્મસન્મુખ થાય છે.

કોઈ જીવ નરકની અસહ્ય પીડાથી નરકને, પાપના ફળનું સ્થળ જાણીને, પાપથી ઉદાસ થઈને પોતાના સ્વરૂપના ચિંતવનમાં ચઢીને અંદરમાં ઊતરી જાય છે. એ રીતે પહેલી ત્રણ નરકમાં ધર્મસન્મુખ થવામાં ધર્મશ્રવણ, જાતિસ્મરણ અને વેદના નિમિત્ત થાય છે.

ચોથીથી સાતમી નરકમાં દેવનું ગમન ન હોવાથી દેવ દ્વારા ધર્મશ્રવણ હોતું નથી. પણ પૂર્વ ભવમાં દેશના સાંભળી હતી તે જાતિસ્મરણથી સ્મરણમાં લઈને અથવા તો વેદનાથી પાપથી ભયભીત થઈને એકદમ પરથી ખસીને અંતરમાં વળી જાય છે અને સમ્યગ્દર્શન પામે છે.

નરક એટલે માત્ર ભય બતાવવા પૂરતી વાત નથી, પણ તે પાપના ફળનું સ્થાન છે. એક માણસ હજારો માણસને મારી નાખે તો તેની સજા શું? એકને મારે તેને પણ ફાંસી ને હજારોને મારે તેને પણ ફાંસી ? – પાપના પ્રમાણમાં તેના ફળમાં તીવ્ર દુઃખો જ્યાં પ્રાપ્ત થાય તે નરકનું સ્થાન છે. એ નરકના દુઃખની શી વાત! કોઈ ૨૦ વર્ષનો યુવાન રાજકુમાર હોય, કરોડોના ખર્ચે લગ્ન કરીને આવ્યો હોય, કરોડોની આવક હોય ને લગ્નના પહેલાં જ દિવસે જીવતે જીવતો જમશેદપુરની ભઠ્ઠીમાં નાખે ને જે પીડા થાય તેના કરતાં અનંતગણી પીડા પહેલાં નરકમાં છે.

અહીં તો કહે છે કે દુઃખનો તને ભય લાગ્યો હોય, ભવભ્રમણનો તને ભય લાગ્યો હોય તો સ્વક્ષેત્રમાં જા, ત્યાં આનંદના અંકૂર ફુટશે. જેમ સારા ક્ષેત્રમાં ચોખા પાકે તેમ સ્વક્ષેત્રમાં આનંદ પાકે છે. બહારના ક્ષેત્રમાં આનંદ પાકતો નથી માટે અંદર સ્વક્ષેત્રમાં જા.

જીવના સ્વક્ષેત્રમાં વસવું તે આનંદનું કારણ છે. તેમાં બહાર નીકળવું તે દુઃખનું કારણ છે. ભગવાનનું સ્વક્ષેત્ર પોતે જ આનંદનું ધામ છે, તેમાં વાસ કરવાથી આનંદનો અનુભવ થાય છે, પણ તેં કદી ત્યાં વાસ કર્યો જ નથી, માટે એકવાર તારા ધામમાં વસવાટ કર.

મુનિરાજ કહે છે કે જે જીવ નરકગતિમાં જઈને સુલટી જાય છે, સમ્યગ્દર્શન પામે છે તેને તે કુગતિ પણ બહુ શ્રેષ્ઠ છે, એટલે કે જે પાપ કરીને કુગતિ પામીને દુઃખ પામે અને પછી એકદમ મોક્ષમાર્ગમાં લાગી જાય તો તે પાપનું ફળ પણ શ્રેષ્ઠ છે. અને કોઈ અજ્ઞાની દયા–દાન–વ્રત–તપાદિ કરીને સ્વર્ગમાં જાય અને ત્યાંથી એકેન્દ્રિય આદિમાં ચાલ્યો જાય તો તે દેવ–પર્યાય પામવી શા કામની? માટે અજ્ઞાનીને દેવપદ પામવું વૃથા છે. કોઈ જ્ઞાન સમ્યગ્દર્શન સહિત પુણ્યના ફળમાં સ્વર્ગમાં જાય અને ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મુનિ થઈને મોક્ષે જાય છે તો તેના સમાન બીજું ઉત્તમ શું હોઈ શકે? અને કોઈ જીવ નરકમાંથી નીકળી મનુષ્ય થઈ ચારિત્ર ધારણ કરીને મોક્ષ પામે તો તે પણ ઉત્તમ છે.

જ્ઞાનીને સમ્યક્જ્ઞાન સહિત થયેલા પુણ્યના ફળમાં સ્વર્ગ મળશે, પણ જ્ઞાની પુણ્યના ફળમાં – સંયોગમાં મૂર્ચ્છાઈ જતો નથી. એકાકાર થઈ જતો નથી. અજ્ઞાની પુણ્યના ફળમાં એકાકાર થઈને એકેન્દ્રિય આદિ થાય છે, જ્ઞાની સ્વર્ગમાંથી નીકળી મનુષ્ય થઈ મોક્ષમાં જાય છે.

એ રીતે અહીં એ પાપીને ( – પાપના ફળને પ્રાપ્ત જીવને ) પણ પ્રશંસા યોગ્ય કહ્યો છે કે જે દુઃખના ફળમાં દુઃખથી ડરી, પાપથી ઉદાસ થઈ આત્મસન્મુખ થાય છે, પરંતુ આત્મજ્ઞાન રહિત પુણ્યશાળીઓ પણ પ્રશંસાયોગ્ય નથી.

## –ઃ સુવર્ણપુરીના સમાચાર :–

* સોનગઢમાં પૂજ્ય ગુરુદેવ સુખશાંતિમાં બિરાજી રહ્યા છે. સવારે શ્રી પરમાત્મપ્રકાશ દ્વિતીય અધિકારની ગાથા ૮૧ ઉપર તથા બપોરે શ્રી સમયસાર સંવર અધિકારની ગાથા ૧૮૭ – ૧૮૯ ઉપર પ્રવચનો ચાલી રહ્યા છે. ( તા. ૧૧–૧૨–૭૬. )
* પૂજ્ય ગુરુદેવના વિહારનો કાર્યક્રમ તૈયાર થઈ રહ્યો છે, યથાસમયે અત્રે રજૂ કરવામાં આવશે.

# અધ્યાત્મવારસો

( ગતાંકથી ચાલુ )

( આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ )

| | | |
|---|---|---|
| ૨૭૦ | શ્રી ખેમરાજજી દુલીચંદજી જૈન | ખૈરાગઢ |
| ૨૭૧ | શ્રીમતી દીપીકાબેન ગાંગાવાત | ઉદયપુર |
| ૨૭૨ | શ્રી પવનકુમાર જૈન | હિંમતનગર |
| ૨૭૩ | ,,સુમતીલાલ શીવલાલ શાહ | અમદાવાદ |
| ૨૭૪ | ,,હીરાલાલજી માણેકચંદજી | લોહારદા |
| ૨૭૫ | શ્રીમતી ઇન્દિરા કમળ શાહ | U.K. |
| ૨૭૬ | શ્રી માણેકલાલ રામચંદ ગાંધી | મુંબઈ |
| ૨૭૭ | કુમારી શ્રુતિબેન ભૂપેન્દ્ર શાહ | ,, |
| ૨૭૮ | શ્રી રૂપચંદસા બાલચંદસા સરાફ | મલકાપુર |
| ૨૭૯ | ,, જી. સી. શાહ | હૈદરાબાદ |
| ૨૮૦ | ,, શાંતિલાલ વીરજી માલદે | મોસી |
| ૨૮૧ | ,, વી. વી. શાહ | મુંબઈ |
| ૨૮૨ | શ્રીમતી કસ્તુરબેન ખીમજી મેઘજી | નાઈરોબી |
| ૨૮૩ | ,, નર્મદાબેન લાલજીભાઈ શાહ | ,, |
| ૨૮૪ | ,, મણીબેન નેમચંદ કાનજી શાહ | ,, |
| ૨૮૫ | ,, સવીતાબેન સોમચંદ શાહ | ,, |
| ૨૮૬ | ,, શાંતાબેન ઝવેરચંદ ખેતશી શાહ | ,, |
| ૨૮૭ | ,, સંતોકબેન રૂપશી મેઘજી શાહ | ,, |
| ૨૮૮ | ,, લીલાવતીબેન નરસીભાઈ શાહ | ,, |
| ૨૮૯ | ,, શાંતાબેન વેલજી ધરમશી શાહ | ,, |
| ૨૯૦ | ,, મુક્તાબેન મોહનલાલ શાહ | લંડન |
| ૨૯૧ | ,, પુષ્પાબેન મનસુખલાલ શાહ | હોંગકોંગ |
| ૨૯૨ | ,, નિરચલાબેન કવરચંદ જૈન | સનાવદ |
| ૨૯૩ | શ્રીમતી શલગુની સુબોધચંદ્ર શાહ | અમદાવાદ |
| ૨૯૪ | શ્રી વસંતરાય ખીમચંદ ઝોબાળીયા | મુંબઈ |
| ૨૯૫ | ,, અભયકુમાર જૈન | જબલપુર |
| ૨૯૬ | ,, રમણલાલ ગીરધરલાલ દોશી | ગોધરા |
| ૨૯૭ | ,, જગજીવન ચતુરભાઈ | સુરેન્દ્રનગર |
| ૨૯૮ | શ્રીમતી હંસાબેન કિશોરકુમાર શાહ | મુંબઈ |
| ૨૯૮ | શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશી | મુંબઈ |
| ૨૯૯ | ,, ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળ | ,, |
| ૩૦૦ | ,, વિનયકાંત હીરાચંદ લાખાણી | રાજકોટ |
| ૩૦૧ | ,, છબીલદાસ ગાંડાલાલ શાહ | વઢવાણ |
| ૩૦૨ | શ્રીમતી પ્રભાકુંવરબેન નાનાલાલ | ઘાટકોપર |
| ૩૦૩ | શ્રી અશ્વિન ડી. મેતા | સુરત |
| ૩૦૪ | ,, કનુભાઈ લક્ષ્મીચંદ શાહ | અમદાવાદ |
| ૩૦૫ | ,, રમણીકલલ લાલચંદ દોશી | ઘાટકોપર |
| ૩૦૬ | ,, મણીલાલ વી. મેતા | મદ્રાસ |
| ૩૦૭ | ,, કાંતીલલ અમીચંદ કામદાર | ,, |
| ૩૦૮ | ,, એસ. સી. શાહ | ,, |
| ૩૦૯ | શ્રીમતી પુષ્પાબેન રસીકલાલ મેતા | ભાવનગર |
| ૩૧૦ | શ્રી ચંદુલાલ શીવલાલ સંઘવી | અમદાવાદ |
| ૩૧૧ | ,, વીરાટભાઈ મોહનલાલ વોરા | સુરત |
| ૩૧૨ | ,, ધીરજલાલ ભવાનભાઈ દેસાઇ | લાઠી |
| ૩૧૨ | ,, શીવલાલ પ્રાણલાલ દેસાઈ | મુંબઈ |
| ૩૧૪ | શ્રીમતી આશાબેન અરૂણકુમાર | U. S. A |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧૫ | શ્રીમતી મૃદુલાબેન એ. રવાણી | U. S. A | ૩૩૩ | શ્રીમતી કુસુમબેન નવનીતલાલ | ઘાટકોપર |
| ૩૧૬ | ,, સુનીતાબેન રજનીકાંત | U. S. A | ૩૩૪ | શ્રી ઇંદુલાલ વૃજલાલ સુતરીયા | મુંબઈ |
| ૩૧૭ | શ્રી મનસુખલાલ કુંવરજી શાહ | પાલેજ | ૩૩૫ | ,, લાલજી નાપુ શાહ | નાઈરોબી |
| ૩૧૮ | ,, આનંદકુમાર જૈન | રતલામ | ૩૩૬ | ,, વેલજી કરમશી શાહ | ,, |
| ૩૧૯ | ,, વેણીલાલ છગનલાલ મેતા | અંકલેશ્વર | ૩૩૭ | મેસર્સ રણમલ વીરજી | મોશી |
| ૩૨૦ | ,, જયંતીલાલ નાનચંદ ડેલીવાળા | મુંબઈ | ૩૩૮ | શ્રી નટવરલાલ ગીરધરલાલ | સિકંદરાબાદ |
| ૩૨૧ | ,, રસીકલાલ ચુનીલાલ મેતા | બીલીમોરા | ૩૪૦ | શ્રીમતી અમૃતબેન નાનચંદભાઈ | ઘાટકોપર |
| ૩૨૨ | ,, રતીલાલ છોટાલાલ જૈન | પાદરા | ૩૪૧ | ,,જયોત્સનાબેન ચંદ્રકાંતભાઈ | મુંબઈ |
| ૩૨૩ | ,, રાયચંદ દેવાન શાહ | નાઈરોબી | ૩૪૨ | ,, લલીતાબેન વાડીલાલ શાહ | મલાડ |
| ૩૨૪ | ,, પૂંજાભાઈ પરબત શાહ | ,, | ૩૪૩ | શ્રી બાબુભાઈ ટી. ઝવેરી | વરલી |
| ૩૨૫ | ,, હરખચંદ નાપુ શાહ | ,, | ૩૪૪ | ,, છોટાલાલ શામજી | મુંબઈ |
| ૩૨૬ | ,, કરમણ નરસી શાહ | ,, | ૩૪૫ | ,, મનહરલાલ બી. કોઠારી | ,, |
| ૩૨૭ | ,, ભાણજી ભગવાનદાસ શાહ | મદ્રાસ | ૩૪૬ | ,, કે. વી. મારૂ | યુ. કે |
| ૩૨૮ | ,, સુરેન્દ્રકુમાર કસ્તુરચંદ | મુંબઈ | ૩૪૭ | ,, વિનુ શાહ | ,, |
| ૩૨૯ | શ્રીમતી હેમકુંવરબેન મગનલાલ મેતા | ઉધના | ૩૪૮ | ,, બાબુલાલ રાયચંદ | મુંબઈ |
| ૩૩૦ | શ્રી રમણીકલાલ ચંદુલાલ | અમદાવાદ | ૩૪૯ | ,, વીરચંદ ચતુરભાઈ અજમેરા | માટુંગા |
| ૩૩૧ | ,, કુંદ કહાન સ્ટોર્સ | ,, | | | |
| ૩૩૨ | શ્રીમતી વિજયાબેન વલભજી | ભાવનગર | | | |

(ક્રમશઃ)


**આજીવન સભ્ય ફીઃ રૂા. ૧૦૧/-**

(વીતરાગી વાણીનું...... ટાઈટલ બે થી ચાલુ)

* આત્મા પરદ્રવ્યને તો સ્પર્શતો નથી પણ વિકારને પણ સ્પર્શતો નથી. અરે! એક સમયની શુદ્ધ પર્યાયને પણ ધ્રુવ સ્પર્શતું નથી –આમ કહીને પણ ધ્રુવસન્મુખ દ્રષ્ટિને લઈ જવાનું કહ્યું છે.

* વિકારના પ્રદેશ સ્વભાવથી ભિન્ન કહીને આત્માના શુદ્ધ સ્વભાવ સન્મુખ દ્રષ્ટિ લઈ જવી છે.

આમ જિનવાણીમાં દરેક કથનનું તાત્પર્ય દ્રવ્યની સન્મુખતા કરાવીને વીતરાગતા પ્રગટ કરાવવાનું છે.




* લાઠી નિવાસ શ્રી ડાયાલાલ પાનાચંદ (ઉં. વ. ૮૦) તા. ૨૫–૧૦–૭૬ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક પ્રવચનોનો લાભ લેતા હતા. પૂજ્ય ગુરુદેવ પ્રત્યે તેમને ઘણો ભક્તિભાવ હતો.
* હાલ ઘાટકોપર નિવાસી ગુલાબબેન જગમોહનદાસ કરાણી (ઉં. વ. ૮૬) તા. ૯–૧૧–૭૬ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેમને દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો.
* ચોટીલા નિવાસી વિનુભાઈ કેવળચંદ કોઠારી (ઉં. વ. ૪૯) તા. ૧૪–૧૧–૭૬ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેઓ વારંવાર પૂજ્ય ગુરુદેવના પ્રવચનોનો લાભ લેતા હતા. તેમને દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે ઘણી શ્રદ્ધા – ભક્તિ હતા.
* વડોદરા નિવાસી ગુજરાતના પ્રસિદ્ધ ઇતિહાસકાર અને પ્રાધ્યાપક શ્રી કેશવલાલ હિંમતરાય કામદાર (ઉં. વ. ૮૬) તા. ૨૫–૧૧–૭૬ ના સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવ વડોદરા પધારતાં ત્યારે તેઓ પ્રવચનનો લાભ લેતા હતા.
* વિંછીયા નિવાસી રતીલાલ ધનજીભાઈના સુપુત્રી હસ્મીતાબેન (ઉં. વ. ૧૮) તા. ૨૮–૧૧–૭૬ ના રોજ કિશોર વયે કેન્સરની બિમારીથી સ્વર્ગવાસ પામેલ છે. તેમને ધર્મની ઘણી ભાવના હતી. દેવ – શાસ્ત્ર – ગુરુ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો.
* કાનપુર નિવાસી પંડિત શ્રી અમરચંદજી જૈન તા. ૩–૧૨–૭૬ ના સ્વર્ગવાસ પામ્યા છે. તેમને તત્ત્વજ્ઞાન સમજવાની ઘણી જ રુચિ હતી, તેથી દર વર્ષ સોનગઢ આવીને આધ્યાત્મિક પ્રવચનોનો લાભ લેતા હતા. આધ્યાત્મિક પ્રવચનો સાંભળીને તેઓ બહુ જ ઉલ્લાસિત થતા હતા તથા પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અનન્ય ભક્તિભાવ હતો તેઓ કાનપુર

મુમુક્ષુ મંડળમાં દરરોજ પ્રવચન કરતા હતા. દેવ – શાસ્ત્ર – ગુરુ પ્રત્યે ઘણી શ્રદ્ધા–ભક્તિ હતી.

* કોઠારી ખુશાલદાસ નીમચંદ ( ઉં. વ. ૮૨ ) તા. ૫–૧૨–૭૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ઘણા વર્ષથી સોનગઢમાં રહીને આધ્યાત્મિક પ્રવચનોનો લાભ લેતા હતા. દેવ – શાસ્ત્ર – ગુરુ પ્રત્યે ભક્તિભાવ ઘણો હતો.

**સ્વર્ગસ્થ આત્માઓ દેવ -ગુરુ ધર્મના પ્રતાપે આત્મહિત સાધીને આત્મોન્નતિ પામો.**

* હે આત્મન્ ! આ સંસારમાં સંગ કહેતા ધન–ધાન્ય – સ્ત્રી – કુટુંબાદિકના મિલાપરૂપ જે પરિગ્રહ છે તે શું તને વિષાદરૂપ નથી કરતા ? તથા આ શરીર છે તે શું રોગો દ્વારા છિન્નરૂપ અથવા પીડારૂપ નથી કરવામાં આવતું ? તથા મૃત્યુ તને પ્રતિદિન ગ્રસવા માટે શું મુખ નથી ફાડી રહ્યું ? તથા શું આપદાઓ તારો દ્રોહ નથી કરતી ? શું તને નરક ભયાનક નથી લાગતું ? અને આ ભોગ તે શું તને સ્વપ્ન સમાન ઠગનારા નથી ? – કે જેથી ઇન્દ્રજાળથી રચાયેલી કિન્નરપુરી સમાન આ અસાર સંસારમાં તને ઇચ્છા રહે છે ! ( જ્ઞાનાર્ણવ )

* જો એક દિવસ ખાવામાં ન આવે અથવા રાત્રે સૂવામાં ન આવે તો જેમ પાસે રહેલી અગ્નિથી કમળ મૂરઝાઈ જાય છે, તેમ આ શરીર મૂરઝાઈ જાય છે. તથા હથિયાર, રોગ, જળ, અગ્નિ આદિથી પણ તે ક્ષણવારમાં નાશ પામે છે. તેથી આચાર્ય કહે છે કે હે ભાઈ ! આવું શરીર ક્યાં સુધી રહેશે તેનો કોઈ નિશ્ચય નથી અથવા તે જલ્દી નાશ પામશે તેમાં પણ કોઈ આશ્ચર્ય નથી માટે શરીરમાં કોઈ પ્રકારની મમતા ન રાખીને પોતાનું આત્મકલ્યાણ કરો. ( પદ્મનંદિપંચવિંશતિકા )

## -: આન્તર્પ્રાન્તીય તત્ત્વપ્રેમી સમ્મેલન :-

ખુરઈ ( મ. પ્ર. ) – તારીખ ૧૩ તથા ૧૪ નવેમ્બર ૧૯૭૬ ના રોજ ખુરઈમાં તત્ત્વપ્રેમી બંધુઓનું એક સમ્મેલન સુપ્રસિદ્ધ આધ્યાત્મિક પ્રવકતા શ્રી બાબુભાઈ ચુનીલાલ મહેતા ફત્તેહપુરની અધ્યક્ષતામાં યોજાયું હતું. આ સમ્મેલનમાં ડૉ. હુકમચંદજી ભારિલ્લ જયપુર, શ્રી નેમીચંદજી પાટની આગ્રા, બ્ર. પં. મુન્નાલાલજી સાગર, પં. પ્રકાશચંદજી હિતૈષી દિલ્હી, પં. રતનચંદજી શાસ્ત્રી વિદિશા, પં. જ્ઞાનચંદજી વિદિશા, પં. ધન્યકુમારજી બેલોકર શિરપુર, શેઠશ્રી રતનલાલજી ગંગલાલ કલકત્તા આદિ લગભગ ૫૦ જુદા જુદા સ્થાનોના ૧૨૫ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. શેઠ શ્રી કૃષિપંડિત ઋષભકુમારજીએ સર્વેનું ભાવભર્યું સ્વાગત તથા સત્કાર કર્યો હતો.

# જિનાગમના અભ્યાસની પ્રેરણા

( પંડિત ટોડરમલજી કૃત ગોમ્મટસાર – ટીકાની પ્રસ્તાવનામાંથી )

જુઓ ! શાસ્ત્ર –અભ્યાસનો મહિમા, કે જેના હોવાથી પરંપરા આત્મ–અનુભવ દશાની પ્રાપ્તિ થાય છે, મોક્ષમાર્ગરૂપ ફળ પ્રાપ્ત થાય છે. એ તો દૂર રહો, પરંતુ તત્કાળ આટલા ગુણો પ્રગટ થાય છેઃ–

* ક્રોધાદિ કષાયોની તો મંદતા થાય છે,
* પાંચ–ઇન્દ્રિયોના વિષયોમાં પ્રવૃત્તિ અટકે છે,
* અતિ ચંચળ મન પણ એકાગ્ર થાય છે.
* હિંસા આદિ પાંચ પાપ થતા નથી,
* અલ્પજ્ઞાન હોવા છતાં પણ ત્રણલોકના ત્રણકાળ સંબંધી ચરાચર પદાર્થોનું જાણવું થાય છે,
* હેય–ઉપાદેયની ઓળખાણ થાય છે,
* આત્મજ્ઞાનની સન્મુખતા થાય છે,
* અધિક–અધિક જ્ઞાન થતાં આનંદ ઉત્પન્ન થાય છે,
* લોકમાં મહિમા–યશ વિશેષ થાય છે,
* સાતિશય પુણ્યનો બંધ થાય છે.

ઇત્યાદિ ગુણો શાસ્ત્ર –અભ્યાસ કરવાથી તત્કાળ જ ઉત્પન્ન થાય છે. માટે શાસ્ત્ર–અભ્યાસ અવશ્ય કરવો. શાસ્ત્ર–અભ્યાસ કરવાનો અવસર મળવો પણ મહાદુર્લભ છે, કેમ કે એકેન્દ્રિયાદિ અસંજ્ઞી પર્યંત જીવોને તો મન નથી, અને નારકી વેદનાથી પીડિત છે. તિર્યંચ વિવેક રહિત છે, દેવ વિષયાસકત છે અને મનુષ્ય પર્યાય મળવા છતાં ઉત્તમ યોગની પ્રાપ્તિ થવી મહાદુર્લભ છે.

હે ભવ્યો ! તમને ભાગ્યથી દુર્લભ અવસર મળ્યો છે માટે તમને હઠથી પણ તમારા હિતને માટે પ્રેરણા કરીએ છીએ કે જે રીતે બને એ રીતે જિનાગમનો અભ્યાસ કરો, અન્ય જીવોને જેમ બને તેમ આ શાસ્ત્રોનો અભ્યાસ કરાવો તથા જે જીવ શાસ્ત્ર–અભ્યાસ કરે છે તેની અનુમોદના કરો.

## * આગમ - મહાસાગરના અણમૂલાં રત્નો *

* ધર્મના માર્ગમાં વિધિ પૂર્વક ગમન કરવું તો દૂર રહો પણ જે ધર્મની વાતોના પ્રેમી જીવ માત્ર તેને ( ધર્મને ) સાંભળીને ધારણ કરે છે તેને પણ ત્રણ લોકમાં સમસ્ત સંપદાઓની પ્રાપ્તિ થાય છે. જેમ શીતળ જળ પીવાનું સુખ તથા સ્નાન કરવાનું સુખ તો દૂર રહો અર્થાત્ તેનાથી તો શાંતિ થાય જ છે પરંતુ તળાવની જે હવા કમળની રજ વડે સુગંધિત થઇ રહી છે અને શીતળ છે તેનાથી ઉત્પન્ન થતું સુખ તે પણ થાકેલા મનુષ્યને શાંત કરે છે. તેથી ભવ્ય-જીવોએ સદાય ધર્મનો જ આશ્રય લેવો જોઈએ.

* શરીરની સહેજ માત્ર સોબત એ જ સર્વ દુઃખનું કારણ છે, એમ જાણીને શરીરને ફેંકી દેતી વખતે હાથનો પોંચો પકડી રોકવાવાળું જ્ઞાન જો હાજર ન હોત તો કયા મુનિ એ કૃતઘ્ન શરીરની સાથે ક્ષણમાત્ર પણ રહેવા ઈચ્છે ? -કોઈ નહિ. ( શ્રી આત્માનુશાસન )

* જે મુનિ પોતાના આત્મજ્ઞાનની કાંઈ પણ દરકાર કર્યા વિના બાહ્યમાં રહીને વર્ષા, ઠંડી, ગરમી - ત્રણે ઋતુમાં ઉત્પન્ન થયેલા દુઃખોને સહન કરે છે તેનું તે પ્રકારનું દુઃખ સહન કરવું, જેમ અનાજ કપાઈ ગયા પછી ખેતરને વાડ બાંધવી નિરર્થક છે તેમ, તે નિરર્થક છે, માટે મુનિઓને આત્મજ્ઞાન પર વિશેષ ધ્યાન દેવું જોઈએ. ( શ્રી પદ્મનંદિપંચવિંશતિકા )

* પં બનારસીદાસજી કહે છે - કે ભાઈ ભવ્ય ! મારો ઉપદેશ સાંભળો કે કોઈપણ ઉપાયથી અને કોઈ પણ પ્રકારનો બનીને એવું કામ કર જેથી માત્ર અંતમુર્હૂતને માટે મિથ્યાત્વનો ઉદય ન રહે, જ્ઞાનનો અંશ જાગ્રત થાય, આત્મસ્વરૂપની ઓળખાણ થાય. જિંદગીભર તેનો જ વિચાર, તેનું જ ધ્યાન, તેની જ લીલામાં પરમ રસનું પાન કરો અને રાગ-દ્વેષમય સંસારનું પરિભ્રમણ છોડીને તથા મોહનો નાશ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરો. ( શ્રી સમયસાર નાટક )

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) માગશર
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત ૩૩૫૦